**સુવિચાર**

જ્યારે પણ તમને કોઈના પ્રત્યે પ્રેમ દર્શાવવાનો મોકો મળે તો તેને ચુકતા નહિ. પ્રેમ એ મોટી સંપત્તિ છે.

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૪/૦૯/૨૦૨૩, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ ભાદરવા સુદ-૯ વર્ષ : ૧૫ અંક : ૨૩૬



# અમરેલી ડિસ્ટ્રિકટ ચેમ્બર્સ ઓફ કોમર્સ પરિવારનાં નવનિયુકત હોદ્દેદારોને ખુબ ખુબ અભિનંદન

... ઉપપ્રમુખ ...



- ભગીરથ ત્રિવેદી — પ્રમુખ
- રાજુભાઈ શિંગાળા — મહામંત્રી
- મયુરભાઈ બોઘરા — મહામંત્રી
- મિતુલભાઈ ગણાત્રા — મહામંત્રી
- દિનેશભાઈ ભુવા (અમરેલી)
- મેઘાભાઈ ડાંગર (લાઠી)
- ભુપતભાઈ સાવલિયા (અમરેલી)
- મુનાભાઈ મલકાણ (બાબરા)

... ઉપપ્રમુખ ...



- હિતેશભાઈ પોપટ (અમરેલી)
- પરીનભાઈ સોની (લીલીયા)
- રાજદીપભાઈ જાની (અમરેલી)
- મુકેશભાઈ રુપારેલિયા (ધારી)
- ભાવેશભાઈ સોઢા (અમરેલી)
- દિવ્યેશભાઈ વેકરીયા (અમરેલી)
- કેતનભાઈ ઘોળકીયા (અમરેલી)
- હસમુખભાઈ દુધાત (અમરેલી)

... મંત્રી ...




- પિતેષભાઈ નારોલા (દામનગર)
- અનિલભાઈ બાંભરોલિયા (અમરેલી)
- પ્રકાશભાઈ રાણીંગા (બગસરા)
- પ્રકાશભાઈ કારીયા (ચલાલા)
- ગોપાલભાઈ ભટ્ટ (અમરેલી)
- અરૂણભાઈ ડેર (અમરેલી)
- નિલેશભાઈ ધાધલ (અમરેલી)
- ધવલભાઈ ગોલ (અમરેલી)

... સહમંત્રી ...



- પરેશભાઈ પદ્દણી (ધારી)
- અંકુરભાઈ જાવીયા (અમરેલી)
- મહેન્દ્રભાઈ હરિયાણી (ખાંભા)
- કમલેશભાઈ ટાંક (અમરેલી)
- નિલેશ બાંભરોલીયા (અમરેલી)
- યોગેશભાઈ દવે (કુંકાવાવ)
- કમલેશભાઈ સોમૈયા (અમરેલી)

...સંગઠન મંત્રી ... / ...ખજાનચી/સહ ખજાનચી ...



- ભાવિકભાઈ ગઢિયા (અમરેલી)
- ગૌરાંગભાઈ મહેતા (રાજુલા)
- સુખદેવસિંહ સરવૈયા (ચીતલ)
- જયેશભાઈ ઠાકર (જાફરાબાદ)
- મનિષભાઈ વાળા (રાજુલા)
- રાજુભાઈ નાચેયા (સાવરકુંડલા)
- ધનશ્યામભાઈ રૈયાણી (અમરેલી)
- ભાવિનભાઈ ભટ્ટ (અમરેલી)

**આમંત્રિત એડવાઈઝરી કોર કમિટી**

હકુભાઈ ચૌહાણ, સંજયભાઈ વણજારા, લાલભાઈ પોકાર, નટુભાઈ મસોયા, હસુભાઈ સુચક, ભાવેશભાઈ પડસાલા, બાબુભાઈ જાવીયા, મુકુંદભાઈ સેંજલીયા

**કારોબારી સભ્ય**

રસીકભાઈ પાથર, કેતનભાઈ ગોલ, કૃણાલ ચંદ્રાણી, કલ્પેશભાઈ ભડયાદરા, ધ્રિજેશભાઈ ગેડીયા, ગિરીશ સાવલિયા, વિરલભાઈ પોપટ, પરેશભાઈ કાબરિયા, વિજયભાઈ રાઠોડ, સુનીલભાઈ ઝીંઝુવાડિયા, મેહુલભાઈ દેસાઈ, પ્રદીપભાઈ રાખોલીયા, વિશાલભાઈ ઠાકર, પિન્ટુભાઈ મકવાણા, ધાર્મિક વસાણી, પ્રવિણભાઈ હિરપરા, ભાવેશ સંઘાણી, દિપકભાઈ પોકાર, યોગેશભાઈ ગણાત્રા, બંટીભાઈ અજમેરા, દિપકભાઈ વાછાણી, પંકજભાઈ મારૂ, વિરલભાઈ વીરપરા, ઋષિભાઈ વીરપરા, કૈલાશભાઈ પારેખ, હરેશભાઈ સરૈયા, દિપકભાઈ બાંભરોલીયા, રણજીતભાઈ ડેર, ભાવેશભાઈ કાબરિયા, હસમુખભાઈ ઢોલરિયા, હિરેનભાઈ પોપટ, જીતેન્દ્ર ચૌહાણ, મૌલિકભાઈ દોશી, જયદીપ રાઠોડ, રવિ પંડયા, મનિષભાઈ સાવલીયા, ધર્મેશભાઈ વિસાવળિયા, દિનેશભાઈ સંઘવી, પરેશભાઈ વાજા, અમીત જોષી, નિલેષભાઈ ધોળકિયા, સંદીપભાઈ મસોયા, પાર્થ રાજપરા, રાજેશભાઈ ભેંસાણીયા, ભાર્ગવ પંચોલી

**અમરેલી ડિસ્ટ્રિકટ ચેમ્બર ઓફ કોમર્સના નવા પદાધિકારીઓને હાર્દિક શુભેચ્છાઓ સહ ખુબ-ખુબ અભિનંદન...**

... શુભેચ્છક ...

પ્રમુખ : બિરજુ અટારા (ઠા. ભોગીલાલ રામજીભાઈ અટારા)

: ઉપપ્રમુખ :

જયેશભાઈ પંડયા (શ્રી ઉમા મેડિસિન) – શાંતિલાલ ડોબરીયા (મુરલીધર ડેરીફાર્મ) – શૈલેન્દ્રસિંહ ચેહાણ (ચૌહાણ બ્રધર્સ) – બિરેનભાઈ કાબરીયા (મોર્ડન એગ્રો એજન્સી) – મુકેશભાઈ સોઢા (એ.બી. સેલ્સ)

: મંત્રી :

ચંદ્રેશભાઇ ધોળકિયા (મધુવન ગોલ્ડ આર્ટ) – નયનભાઈ પરસાણીયા (દીક્ષા કેમિકલ્સ) – ધવલભાઇ કાબરીયા (શ્રીજી સિમેન્ટ પ્રોડક્ટસ)

: સહમંત્રી :

મયુરભાઈ સાગલાણી (કિંગ ફેશન)
મિતેનભાઈ ગુંદરણીયા (પટેલ સોઇંગ)
અલ્પેશભાઈ સાવજ (શ્રી મારૂતિ સુપર કિરાણા)

: ખજાનચી :

જયેશભાઈ માવદીયા (કિના સ્ટેશનર્સ)

: સહખજાનચી :

જીગ્નેશભાઈ ચાવડા (ચાવડા શુઝ) – સંજયભાઈ માલવિયા (ખોડલ જ્વેલર્સ)

: સંગઠન મંત્રી :

વિજયભાઈ ખૂબચંદાણી (ગુરૂનાનક સ્ટોર) – નીતિનભાઈ હીરાણી (બ્લુસ્ટાર હેરસલૂન)
વિજયભાઈ ભડિંગજી (શ્રી અંજની કુરિયર્સ)

: એડવાઈઝર :

સંજયભાઈ વણજારા (મજેદાર મસાલા) – મેહુલભાઈ ધોરાજીયા (ખોડીયાર કૃષિ કેન્દ્ર) – હિતેષભાઈ પોપટ (સૌરાષ્ટ્ર એસન્સ) – લાલજીભાઈ પોકાર (પોકાર માર્બલ) – ભાવેશભાઈ પડસાલા (શ્રી ખોડીયાર મોલ)
જીતુભાઈ પાથર (અર્જુન એજન્સી) – મનીષભાઈ ડોબરીયા (નીલકંઠ ફાર્મા)

**બોર્ડ મેમ્બર્સ-વેપારી મહામંડળ, અમરેલી**

## નાણાની ભૂખ પર્યાવરણને લગતા નિયમોનો પણ કરે છે ઉલાળીયો

# લાઠી, બાબરામાં ગાઈડલાઈનનો ભંગ કરીને પવનચક્કીનો ધમધમાટ

**છેલ્લા થોડા મહિનાઓથી વિકાસ અને વીજળીની લ્હાયમાં વિનાશક દ્રશ્યો સામે આવી રહ્યા હોય પર્યાવરણ પ્રેમીઓ ચિંતામાં**

**વૃક્ષો, માર્ગો, પક્ષીઓ અને આમ આદમીની પરેશાનીને નજરઅંદાજ કરવામાં આવતી હોવાનો પણ આક્ષેપ**

**પવનચક્કીનાં કોન્ટ્રાકટ બાબતે પણ અવારનવાર માથાકૂટની ઘટનાઓ સામે આવી રહી છે**

**અધિકારી અને પદાધિકારીની મીઠ્ઠી નજર વગર નિયમોનો ઉલાળીયો સંભવ નથી**

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લામાં અને ખાસ કરીને બાબરા અને લાઠી પંથકમાં છેલ્લા થોડા મહિનાઓથી શરૂ થયેલ "પવનચક્કી" લગાવવાની કામગીરીને લઈને પર્યાવરણ અને જાહેર માર્ગોને નુકસાનીની ઘટના સામે આવી રહી છે. તો સિકયુરીટી કોન્ટ્રાકટ બાબતે પણ અવારનવાર માથાકૂટની ઘટના બની રહી છે. તેવા સમયે પૂર્વ સાંસદ વિરજી ઠુંમરે મુખ્યમંત્રીને પત્ર પાઠવીને કેન્દ્ર સરકારની ગાઈડલાઈનનો પણ ભંગ થતો હોવાનું જણાવીને જે કોઈ પવનચકકી લાગેલ છે તેની અમલવારીની તપાસ કરવાની માંગ કરેલ છે.

તેઓએ પત્રમાં જણાવેલ છે કે, કેન્દ્ર સરકારનાં પરીપત્ર નં. એફ. નં. ૬૬/૧૮૩/૨૦૧૬ની ગાઈડલાઈનનાં પેજ નં. ૩નાં ભાગ–૪ માં દર્શાવેલ ગાઈડલાઈનનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરવામાં આવી રહ્યાનું જણાવેલ છે.

ગમે ત્યારે ભયાનક અકસ્માત થઈ શકે તેમ છે. આવા સંજોગોમાં આવી મંજૂરી કેવી રીતે આપવામાં આવી તેની ગંભીર રીતે તપાસ કરવામાં આવે. નિયમ વિરૂધ્ધ કુલ કેટલી પવનચકકીમાં અમરેલી નહિ પરંતુ ગુજરાતમાં ચાલી રહી છે તે પણ તપાસ કરાવવામાં આવે.

વધારામાં ગુજરાત સરકારનાં ખનિજ સમૃધ્ધ પરીપત્ર નં. આરએએસ–૧૦૨૦૦૪–૧૮૦–લ.૧ તા. ૧૩/૭/૨૦૦૪નાં વાંધા પ્રમાણપત્રનાં મુદા પરત્વે આવા ખનિજ સમૃધ્ધ વિસ્તારમાં ગામનાં નમૂના નં. ૭/૧૨ હેઠળની જમીનો અન્ય ઉપયોગમાં લેવા કે તબદીલી કરવાનો પ્રશ્ન ઉપસ્થિ થાય ત્યારે કમિશ્નર ખાણ અને ખનિજ ખાતાનું "ના–વાંધા" પ્રમાણપત્ર મેળવવું જરૂરી છે. તેવા ના–વાંધા પ્રમાણપત્ર લીધેલ છે કે કેમ ? તે પણ એક પ્રશ્ન છે. આ બાબતે ગંભીરતા દાખવી અમરેલી જિલ્લો નધણીયાતો જિલ્લો બન્યો છે. આ બાબતે તુર્ત જ યોગ્ય કરવા અંતમાં માંગ કરેલ છે.

## ધારી : ૧૫ વરસની બીમારીથી કંટાળી આધેડે દોરડું બાંધી ગળાફાંસો ખાધો

અમરેલી, તા. ૨૩, ધારી ગામે યુસુબગઢમાં રહેતા હકનભાઈ નાનજીભાઈ ચાવડા નામના ૪૫ વર્ષિય આધેડને છેલ્લા ૧૫ વર્ષથી શ્વાસ તથા હરસ–મસાની બીમારીથી કંટાળી જઈ રૂમનાં સ્લેબમાં પંખા લગાડવાનાં હુકમાં દોરડું બાંધી પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતા તેમનું મોત થયાનું ધારી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### રાજુલા નજીક આવેલ

## ભેરાઈ ગામ પાસે ડ્રાઈવરને માર મારી ટ્રકની ચાવી લઈ અપમાનીત કર્યા

**ટ્રાન્સપોર્ટનાં માલીક સહિત ૪ સામે પોલીસ ફરિયાદ**

અમરેલી, તા. ૨૩

ખાંભા તાલુકાનાં નાના બારમણ ગામે રહેતા રમેશભાઈ ઉકાભાઈ પરમાર નામના ૨૯ વર્ષિય ડ્રાઈવર યુવક પોતાના હવાલાવાળા ટ્રક નં. જી.જે. ૧૦ ઝેડ ૫૭૯૫ લઈ રાજુલા નજીક આરટીઓ વાળાએ રાખેલ કેમ્પમાં પાર્સીંગ કરવા જતા હતા ત્યારે રસ્તામાં તેઓ યાદવ ટ્રાન્સપોર્ટ પાસે પહોંચતા લાલભાઈ જીકારભાઈ વાઘ તથા ત્રણ અજાણ્યા ઈસમોએ ડ્રાઈવરને ગાળો આપી ગાડીની ચાવી લઈ અને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી પાઈપ વડે માર મારી ડ્રાઈવર ખીસ્સામાંથી રૂા. ૯૫૦૦ કાઢી લીધાની ફરિયાદ મરીન પિપાવાવ પોલીસમાં નોંધાઈ છે.

### રાજુલા નજીક આવેલ

## વીકટર ગામે સામાન્ય બાબતે બોલાચાલી કરી બેટ તથા ધારીયુ લઈ ધમકી આપી

**૩ મહિલા સહિત ૪ સામે પોલીસમાં ફરિયાદ**

અમરેલી, તા. ૨૩

રાજુલા તાલુકાનાં વીકટર ગામે રહેતા રણછોડભાઈ ચીથરભાઈ બાંભણીયા નામનાં વેપારીનાં નાના ભાઈ વિજયભાઈનાં પત્ની છાયાબેન તથા તેમનાં કૌટુંબીક ભાભી ઉષાબેન સામસામે રહેતા હોય અને અવારનવાર બોલાાલી કરતાં હોય. તે વાતનું સમાધાન કરવાનું આ વેપારીએ કરેહતા સામાવાળા પ્રભાતભાઈ બાંભણીયા તથા ૩ મહિલા સહિત ૪ લોકોએ વેપારીને તથા તેમની પત્નીને દુકાને બેટ લઈ તથા ધારીયુ બતાવી ગાળો આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

### રાજુલા નજીક આવેલ

## વીકટર ગામે તરૂણીની છેડતી કરી દાદી સહિતનાઓને માર મારી ઈજા

અમરેલી, તા. ૨૩

રાજુલા નજીક આવેલ વીકટર ગામે રહેતી એક તરૂણી પોતાની બહેન સાથે દુકાને દૂધ લેવા ગયેલ ત્યારે તેજ ગામે રહેતા રણછોડભાઈ ચીથરભાઈ બાંભણીયાએ પાછળથી આવી બાવડુ પકડી છેડતી કરેલ બાદમાં અન્ય બે મહિલા સહિત ત્રણેય ઈસમો રીક્ષા લઈ આવી આ તરૂણીની બહેનને લોખંડનાં પાઈપનો ઘા મારી ઈજા કરી તથા તેણીનાં દાદીને વાળ પકડી પછાડી દઈ ઈજા કર્યાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

### મુરઝાતી મૌલાતને પાણીની જરૂરિયાત

## સાવરકુંડલામાં સામાન્ય વરસાદથી કોઈ ફાયદો નહી, વધુ વરસાદની જરૂર

**વાતાવરણમાં અસહ્ય ઉકળાટ અનુભવાતો જોવા મળે**

સાવરકુંડલા, તા. ૨૩

સાવરકુંડલા શહેરમાં આજરોજ બપોરના ત્રણ વાગ્યા આસપાસ ઘટાટોપ વાદળો વચ્ચે ઝરમરિયો વરસાદ વરસવાનો પ્રારંભ થયો. શહેરના રસ્તાઓ પણ ભીના થયાં. જો કે આ લખાય છે ત્યાં સુધી એટલે કે પાંચ વાગ્યા સુધી તો વાતાવરણ ઘટાટોપ વાદળોથી છવાયેલું જોવા મળે છે પરંતુ મેઘો મન મૂકીને વરસતો નથી. વાતાવરણમાં હજુ પણ ઉકળાટ અનુભવાતો જોવા મળે છે.



વાતાવરણ સંપૂર્ણ શાંત જોવા મળે છે, પવનની ગતિ પણ શાંત જોવા મળે છે.

### ભયાનક બીમારીનો સામનો કરતી બાળકીને મદદ કરવા સોશ્યલ મીડિયા સક્રીય

## સાથી હાથ બઢાના : વડિયાનાં ખેડૂત પરિવારની ૪ માસની બાળકીની સારવાર માટે રૂપિયા ૧૭.૫ કરોડની જરૂર

**રાજ્ય અને કેન્દ્ર સરકાર સહિત તમામ ભામાશાઓ મદદ કરવા આગળ આવે**



વડિયા, તા. ૨૩

વડિયામાં માત્ર ચાર માસની બાળકીને ગંભીર બીમારી થતાં પરિવારજનો પર આભ તુટી પડયો. સમગ્ર ગુજરાતને મદદરૂપ થવા માટે જણાવ્યું.

ગુજરાતમાં બેટી બચાઓ બેટી પઢાઓ સરકારના અભિયાન વચ્ચે વડીયા ગામના શ્રમિક ખેડૂત પરિવારની લાડલી વૃંદાની સારવાર માટે સોશ્યલ મીડિયા થકી વ્હાલી દીકરી વૃંદાના માતા–પિતા જીવ બચાવવા માટે મદદની ભીખ માગી રહ્યા છે.

કેટલીક બીમારીઓ એવી હોય છે કે જેની સારવાર વિદેશમાં જ થઈ શકતી હોય છે અને તેનો ખર્ચો એટલો હોય છે કે જેની કલ્પના પણ પરિવાર કરી શકતો નથી. સ્પાઈનલ મસ્ક્યુલર એટ્રોફી ટાઈપ–વન નામની આનુવંશિક બીમારી લાખોમાં એકાદ બાળકને જોવા મળે છે જે વડીયાના એક શ્રમિક ખેડૂત પરિવારની ૪ માસની બાળકી વૃંદાને થઈ છે. જેનો ખર્ચો આ શ્રમિક ખેડૂત પરિવાર કરી શકે તેમ નથી. જોકે સરકાર દ્વારા બેટી પઢાઓ બેટી બચાઓ અભિયાન શરૂ કરાયા છે એમની વચ્ચે આ ૪ માસની વૃંદાના માતા–પિતાએ ગુજરાતની જનતા પાસે સોશ્યલ મીડિયામાં મેસેજો મૂકીને મદદની ભીખ માંગી રહ્યા છે. અગાઉ પણ ગુજરાતમાં આવી જ બીમારી સામે આવી હતી અને જેમાં પરિવારે સોશ્યલ મીડિયા મારફતે મદદ માટે ગુહાર લગાવી હતી અને લોકોએ યથાશકિત મદદ કરી હતી અને તેના થકી બાળકની સારવાર કરાવવામાં આવી હતી જેના કારણે બાળક બચી ગયું હતું. હવે આવી જ બીમારીનો ભોગ માત્ર ચાર મહિનાની આ પરિવારની વ્હાલી દીકરી વૃંદા બની છે અને તેની સારવાર માટે પરિવારને સાડા સત્તર કરોડ રૂપિયાની જરૂર ઊભી થઈ છે. પરિવારે સોશ્યલ મીડિયા મારફતે દીકરીને બચાવી લેવા મદદ માંગી છે.

વડીયા ગામના રહેવાસી નિકુંજભાઈ હિરપરા અને પત્ની ચંદ્રીકાબેન હિરપરાનાં ઘરે ચાર મહિના પહેલાં પૂત્રીનો જન્મ થયો હતો અને જેનો પરિવારને આનંદ હતો પણ એ આનંદ ક્ષણિક સાબિત થયો હતો. વૃંદા આનુવંશિક બીમારી એવી સ્પાઈનલ મસ્ક્યુલર એટ્રોફી–ટાઈપ–વનનો શિકાર બની હોવાનું નિદાન થયું હતું. આ બીમારીનું નામ જાણીને શ્રમિક ખેડૂત પરિવાર હતપ્રભ રહી ગયો અને આટલી બધી રકમ કયાંથી લાવવી તે પ્રશ્ન ઉદભવ્યો હતો. વૃંદાને બચાવવા માટે શ્રમિક ખેડૂત પરિવાર આટલી રકમ કાઢી શકે તેવી સ્થિતિમાં નથી. ત્યારે પરિવારે સોશ્યલ મીડિયા મારફતે વૃંદાને બચાવવા માટે બે હાથ જોડીને દીકરીને બચાવવા મદદની ભીખ માંગી છે. વૃંદાની બીમારીની સારવાર વિદેશમાં જ થઈ શકે છે અને તેના ઈન્જેકશન મોંઘા આવે છે જેનો ખર્ચો રૂપિયા સાડા સત્તર કરોડ થવા જાય છે. વૃંદાના પરિવારે લાડલી વૃંદાની સારવાર થાય તે માટે મિત્રો અને સામાજિક સંસ્થાઓ તેમજ સેવાભાવી વ્યકિતઓ તેમજ જાહેર જનતા પાસે મદદની ગુહાર લગાવી છે.

અગાઉ પણ ગુજરાતના લોકોએ બાળક માટે સહાય કરી હતી અને બાળકને મોતના મુખમાંથી ઉગાર્યુ હતું ત્યારે વૃંદા માટે પણ લોકો યથાશકિત મદદ કરીને પરિવારને આફતમાંથી ઉગારી શકે છે વૃંદાનો જીવ બચાવવા ગુજરાતની જનતા આગળ આવશે કે સરકાર એ જોવાનું રહ્યું.

## દેરડી (જાનબાઈ) ગામે જુગાર રમતાં ૫ પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૨૩

લાઠી તાલુકાનાં દેરડી (જાનબાઈ) ગામે રહેતા પ્રવિણભાઈ પરશોતમભાઈ ગોહિલ સહિત ૫ ઈસમો દેરડી (જાનબાઈ) ગામની સીમમાં જાહેરમાં પૈસાની હારજીતનો જુગાર રમતા હોય. આ અંગે લાઠી પોલીસને બાતમી મળતાં દરોડો પાડી રોકડ રકમ રૂા. ૧૨૨૩૦ની મતા કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## દાધીયા ગામે જુગાર રમતાં ૨ આરોપી ઝડપાયા

અમરેલી, તા. ૨૩

મહુવા તાલુકાનાં કીકરીયા ગામે રહેતા મનુભાઈ દેવાયતભાઈ હડીયા સહિત ૬ જેટલા ઈસમો સાવરકુંડલા તાલુકાનાં દાધીયા ગામે જાહેરમાં પૈસાની હારજીતનો જુગાર રમતા હોય. આ અંગે સાવરકુંડલા રૂરલ પોલીસને બાતમી મળતા દરોડો પાડી રોકડ રકમ રૂા. ૩૮૩૦ની મતા સાથે ૨ આરોપી ઝડપાયા હતા જયારે ૪ આરોપી નાશી છુટયા હતા.

### વનવિભાગની મંજૂરી વિના વૃક્ષ કટીંગ

## રાજુલા : ૧ ટન લીંમડાનાં લાકડા ભરેલ રીક્ષા સાથે ૩ આરોપીને વન વિભાગે ઝડપી લીધા

**છાસવારે થતી ગેરકાયદેસર લાકડાની હેરફેર સામે લાલ આંખ**

અમરેલી, તા. ૨૩

રાજુલા પંથકમાં વન વિભાગની મંજૂરી વિના ઝાડ કાપી નાખી અને તેમની હેરફેર થતી હોય. ત્યારે વન વિભાગ રાજુલા દ્વારા આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ સામે લાલ આંખ કરતા રાજુલામાંથી લાંકડા ભરેલ રીક્ષા સાથે ૩ આરોપીને ઝડપી લીધા હતા.

આ બનાવમાં સુત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજુલા નજીક આવેલ ધારેશ્વર ગામે રહેતા સવજીભાઈ માધાભાઈ નામનાં ઈસમ ભાર રીક્ષા નં. જી.જે.–૪ વી ૧૬૩૪માં લીંમડાનાં ઝાડનું લાકડું ૧ ટન ભરી રાજુલામાંથી પસાર થતો હતો ત્યારે સ્થાનિક વન વિભાગે આ ત્રણ ઈસમોને રીક્ષા સહિત ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.



## વડિયાનાં અમરનગર ગામનાં રખોપા ત્રણ જિલ્લાનાં અને વિકાસ શૂન્ય

# એક ગામ, બે જિલ્લાની સરહદ અને ત્રણ જિલ્લાનાં નેતાઓ મત લઈ જાય

**લોકસભાની ચૂંટણીમાં પોરબંદર બેઠકનાં ઉમેદવારને મત દેવાનો, વિધાનસભામાં જેતપુરનાં ઉમેદવાર અને જિલ્લા પંચાયતમાં અમરેલીનાં ઉમેદવારને મત આપવાનો**

**ગામનાં ધણી ઘણા છતાં પણ તે ધણીધોરી વગરનું બનતા વિકાસથી વંચિત બન્યું**

**આગામી સિમાંકન પ્રક્રિયામાં આ ગામનો ગમે તે એક સ્થળે સમાવેશ કરવામાં આવે તે જરૂરી**

**વહીવટી તંત્રની અણઆવડત અને બેદરકારીનો ભોગ નિર્દોષ ગામજનો બની રહ્યા છે**

અમરેલી, તા. ૨૩

બત્રીસ દાંતની વચ્ચે સતત ડરતી અને કયારેક પીસાતી રહેતી જીભ જેવી જ હાલત છે અમરેલી જિલ્લાના વડિયા તાલુકાનાં છેલ્લા અને રાજકોટ જિલ્લાની સરહદે આવેલુ દેવળકી ગામની. આ ગામ એવી રાજકીય ભૌગોલિક સ્થિતિથી ઘેરાયેલુ છે કે તમે સાંભળો તો તમને પણ બે ઘડી ચક્કર આવી જાય. આ ગામ આમ તો અમરેલી જિલ્લાનુ પણ આ ગામની ચારે તરફ રાજકોટ જિલ્લાના ગામો આવેલા છે. આ ગામને લોકસભાની બેઠક પોરબંદરમાં સમાવેશ થાય છે, વિધાનસભા બેઠક જેતપુર આવે છે એટલે આ ગામને ધારાસભ્ય મળે રાજકોટ જિલ્લાના. વળી જીલ્લા પંચાયતની સીટમાં અમરેલી જીલ્લા પંચાયતમાં સમાવેશ થાય છે એટલે ત્યાં પાછુ અમરેલી જિલ્લા સાથે કનેકશન લાગે. છે ને મગજ ચકકરી ખાય જાય એવુ રાજકીય અગડમ બગડમ. હવે આપને ટુંકમાં સમજાવીએ તો દેવળકી ગામના સાંસદ પોરબંદર હોય, ધારાસભ્ય જેતપુર હોય, જીલ્લા પંચાયતના સભ્ય અમરેલી હોય તો હવે તમે જ કહો કે આ ગામના વિકાસની જવાબદારી કોની..?? દરેક જીલ્લાના નેતાઓ આ દેવળકી ગામના મત તો લઈ જાય છે પણ ગામના વિકાસની વાત આવે તો એકબીજાને ખો આપીને છટકી જાય છે. અને હજુ આટલી તકલીફો ઓછી હોય તેમ આ ગામમાં દોઢ વર્ષથી તો સરપંચ જ નથી.

દેવળકી ગામની સમસ્યા આટલેથી નથી અટકતી. આ ગામથી માત્ર ત્રણ કિલોમીટર જ દુર આવેલ છે સૌરાષ્ટ્રના સૌથી મોટા ડેમ પૈકીનો એક ડેમ એટલે કે ભાદર ડેમ અને તોય આ ગામમાં પીવાના પાણીની સમસ્યા છે બોલો... છે ને તંત્રની કમાલ. દેવળકી ગામની જમીનનું પાણી એકદમ ફીક્કુ એટલે કે મોળુ પાણી છે, કુવા કે દારનુ પાણી માણસ તો ઠીક પશુઓ પણ ના પી શકે એટલું ફિક્કું પાણી છે. એટલે સ્વાભાવિક રીતે જ સ્થાનિક પાણીની રસોઈ પણ બનતી નથી. માત્રને માત્ર આ ગામ મહી પરિએજના પાણી પર જ આધારિત છે. પરંતુ બે જીલ્લાની સરહદે ફસાયેલા ગામને પીવાનું પુરતું પાણી પણ નથી મળતુ. ભાદર ડેમ નજીકમાં જ છે પરંતુ આ ડેમનુ પાણી માત્ર પાઈપલાઈનના અભાવે નસીબ નથી થતુ.

સમસ્યાઓથી ઘેરાયેલા દેવળકી ગામના લોકોને હવે એ વાતની મુંઝવણ છે કે તેઓ પોતાના દુખડા કોની પાસે જઈને રડે. કારણ કે જીલ્લાના લગભગ તમામ ગામોની સમસ્યાઓ અને વિકાસના મુદ્દા જીલ્લા આયોજનની બેઠકમાં ચર્ચાતા હોય છે પરંતુ આ ગામની કમનસીબી એ છે કે તેમના સાંસદ પોરબંદર જિલ્લાના છે અને આ દેવળકી ગામ અમરેલી જિલ્લામાં એટલે સ્વાભાવિક રીતે જ અમરેલી ખાતે મળતી આયોજનની બેઠકમાં પોરબંદરના સાંસદ કે જેતપુરના ધજાગરા નથી હોવાના. આવા સંજોગોમાં દેવળકી ગામ જાણે કે પોતે અનાથ હોય તેવુ મહેસુસ કરે છે.

અનેક સમસ્યાઓનો સામનો કરીને તંગ આવેલા દેવળકી ગામના લોકો હવે હાથ જોડીને વિનંતી કરી રહ્યા છે કે ભાઈસાબ હવે આમાંથી રસ્તો શોધી કાઢો અને અમને વિકાસની રાહ પર લઈ જાવ. ગામ લોકો એવુ ઈચ્છી રહ્યા છે કે તેમનો સમાવેશ કાં તો સંપૂર્ણપણે અમરેલી જિલ્લામાં અથવા તો સંપૂર્ણપણે રાજકોટ જિલ્લામાં કરવામાં આવે.

---

**સૌ કોઈ માટે અર્ધી રાતનાં હોંકારા સમાન વ્યક્તિને મહત્વનું સ્થાન**

## અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સનાં ઉપપ્રમુખ તરીકે હસુભાઈ દુધાતને જવાબદારી

**જિલ્લાનાં વેપારીઓને પડતી મુશ્કેલીઓનું નિરાકરણ કરશે**

અમરેલી, તા. ૨૩

અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ સંગઠન પ્રમુખ ભગીરથ ત્રિવેદીનાં નેતૃત્વમાં વધુને વધુ મજબૂત બની રહ્યું છે અને વિશ્વ હિન્દુ પરિષદનાં પૂર્વ પ્રમુખ હસુભાઈ દુધાતને ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સનાં ઉપપ્રમુખ તરીકે જવાબદારી મળતાં વેપારીઓમાં ખૂશીનો માહોલ જોવા મળી રહ્યો છે.



નવનિયુકત ઉપપ્રમુખ હસુભાઈ દુધાત છેલ્લા ૧૫ વર્ષથી જાહેર જીવનમાં સક્રીય છે. નિરાધારનો આધાર અને સૌ કોઈ માટે અર્ધી રાતનો હોંકારો છે. તેઓનું મિત્ર વર્તુળ પણ મજબૂત છે અને વેપારીઓને કોઈ પણ પરેશાની હોય તો તેઓ તરુત જ મદદે દોડતા હોય છે અને તેવા વ્યકિતને વેપારીનાં સંગઠનમાં સ્થાન મળતાં વેપારીઓની એકતા વધારે મજબૂત બનશે.

આમ અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સમાં વધુને વધુ યુવાઓનોનો સમાવેશ થતો હોવાથી વેપારીઓનાં નાના-મોટા પ્રશ્નોનું પણ ઝડપથી નિરાકરણ થશે. નવનિયુકત ઉપપ્રમુખ પર સમગ્ર જિલ્લામાંથી અભિનંદનવર્ષા થઈ રહી છે.

---

## સાવરકુંડલા બાળકોએ બનાવ્યા માટીનાં ગણપતિ



સાવરકુંડલા. તા.૨૩

સાવરકુંડલામાં બાળકોમાં સર્જનાત્મક શકિત પણ ગજબની હોય છે. જરૂર છે તેને યોગ્ય પ્લેટફોર્મ પૂરૂં પાડવાની.બાળકોની આ સર્જનાત્મક શકિતને ઉજાગર કરવા માટે અને બાળકો પણ પર્યાવરણનું મહત્વ સુપેરે સમજે તેવા શુભ હેતુસર માટીનાં ગણપતિ બનાવવામાં આવ્યા માટીનાં ગણપતિ બનાવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત પણ કરવામાં આવ્યા.

---

**પોલીસ અધિક્ષક હિમકરસિંહે કામગીરીની કરી પ્રશંસા**

## અમરેલીમાં ડોનેટ કરાયેલ ઓર્ગનને અમદાવાદ પહોંચાડવા ગ્રીન કોરીડોર બનાવવા બદલ પીએસઆઈનું સન્માન

**ટ્રાફિક પીએસઆઈ વિજયસિંહ ગોહિલની કામગીરીની કદર**

અમરેલી, તા. ૨૩

અમરેલીમાં ડોનેટ કરાયેલ ઓર્ગન માટે અમરેલીથી અમદાવાદ સુધી ગ્રીન કોરીડોર કરવા બદલ પ્રશંસનીય કામગીરી કરનાર અમરેલી જિલ્લા ટ્રાફિક પોલીસમાં ફરજ બજાવતા પીએસઆઈ વિજયસિંહ ગોહિલને પોલીસ અધિક્ષક હિમકરસિંહની હાજરીમાં ડોકટર તેમજ હોસ્પિટલ દ્વારા પ્રશંસાપત્ર આપવામાં આવ્યું હતું.

થોડા દિવસ પહેલાં અમરેલીથી અમદાવાદ માનવ અંગોને પહોંચાડવામાં ગ્રીન કોરીડોર કરીને માત્ર ત્રણ કલાકમાં અમદાવાદ પહોંચાડીને માનવ સેવા કરનાર જીવન રક્ષક પોલીસ ટીમને હોસ્પિટલ પરિવારે સલામ તથા હૃદયપુર્વક નમન કર્યા હતા.



ત્યારે અમરેલીના સેવાના ભેખધારી અને દેવદુત સમા ડો. બી.એન. મહેતાના ધર્મપતિ શ્રીમતી દમયંતીબેનનાં અંગોનું દાન કરાતા તેમને અમદાવાદ સુધી નિર્ધારીત સમયમાં પહોંચાડવા માટે અમરેલીથી અમદાવાદ સુધી અમરેલી જીલ્લા ટ્રાફીક શાખામાં ફરજ બજવતા પીએસઆઈ વિજયસિંહ ગોહિલને જવાબદારી સોંપવામાં આવી હતી અને તેઓએ અમરેલીથી અમદાવાદ સુધી નિયત સમયમાં ડોનેટ કરાયેલ અંગોને પહોંચાડયા હતા.

ત્યારે આવી પ્રશંસનીય કામગીરી બદલ પોલીસ અધિક્ષક હિમકરસિંહની હાજરીમાં અમરેલી જિલ્લા ટ્રાફિક પીએસઆઈ વિજયસિંહ ગોહિલને બિમ્સ હોસ્પિટલનાં ડોકટર પરમાર અને સ્ટાફ દ્વારા પ્રશંસાપત્ર આપવામાં આવ્યા હતા.


મકાન વેચવાનું છે
જેમાં ત્રણ બેડરૂમ, હોલ, કિચન, મોટી બાલ્કની, પાણી માટે દાર તેમજ જરૂરી ફર્નિચર સાથેનું તમામ સગવડતાવાળુ કોર્નરનું મકાન વેચવાનું છે.
હનુમાનપરા રોડ, રણુજાધામ સોસાયટી-૧, અમરેલી.
સંપર્ક : ૯૭૧૪૧ ૧૧૧૫૩

■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
■ડોલ (૨૫ લી.) ■પાટલો ■ ટમ્બલર ■ સોપ હોલ્ડર ■ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/-માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



















# અસ્વસ્થ જીવનશૈલી (Life Style Deases) ભાગ-૩૫

## હૃદયરોગ-૫

**હૃદય રોગ થવા માટે જવાબદાર પરિબળો :–**

ગત સપ્તાહ આપણે જોયુ કે અનેક વૈજ્ઞાનિક અભ્યાસોથી હવે નિશ્ચિતપણે એવું કહી શકાય એમ છે કે, હાઈબ્લડપ્રેશર અને હદયની બીમારી માટે કારણભુત એથેરોસ્કલેરોસિસ તરીકે ઓળખાતી, ધમનીઓ કઠણ અને સાંકડી થવાની પ્રક્રિયા માણસના જનિનિક બંધારણ ઉપરાંત એના ખોરાક, વ્યસન, કસરત, માનસિક તાણ અને અન્ય નિરાશાજનક લાગણીઓ પર ઘણો મોટો આધાર રાખે છે.

**એથેરોસ્કલેરોસિસ શું છે ?**

શરીરના કોઈ પણ અંગને કાર્ય કરવા માટે ઓકિસજન અને પોષક તત્વો જોઈએ અને ચયાપચયની પ્રક્રિયાથી ઉત્પન્ન થયેલા નકામા પદાર્થોને સતત દુર પણ કરવા પડે (શરીર માં કોષોનું નિર્માણ સતત થયા કરે તેને ચય કહેવાય અને નકામાં કોષોનો નાશ થયા કરે તેને અપચય કહેવાય આ આખી પ્રક્રીયાને ચયાપચય કહેવાય). વહેતા લોહીની મદદથી આ બંને કામ થાય છે.

હદય તરફ થી શુધ્ધ થયેલું લોહી દરેક અંગને ધમની મારફત મળે છે (શુધ્ધ લોહી જે રક્વાહીની માં વહે છે તેને ધમની અને અશુધ્ધ લોહી જે રક્તવાહીની માં વહે છે તેને શીરા કહેવાય છે )

ધમનીની દિવાલો ખુબ મજબુત અને સ્થીતિસ્થાપક હોય છે. જયારે અંદરની દીવાલ ખુબ સપાટ અને લીસી હોય છે. નળીની અંદરની દીવાલમાં ધીમી ગતિએ ચરબી તથા અન્ય પેશીઓનું એક પાતળં પડ જામવાની પ્રક્રિયા દરેક માનવીમાં બહુ નાની ઉંમરથી શરૂ થઈ જાય છે. આ પ્રક્રિયાના કારણે ધમનીની દિવાલો કઠણ – બરડ થાય છે અને લચીલાપણું ગુમાવે છે. એટલુ જ નહી, અંદરથી તે સાંકડી થાય છે આ સમગ્ર પ્રક્રિયાને તબીબી ભાષામાં એથેરોસ્કલેરોસિસ કહેવાય છે.

**એથેરોસ્ક્લેરિસિસ કોને થાય :** હદયરોગ માટે જવાબદાર એથેરોસ્કલેરોસિસ પર વર્ષો સુધી સંશોધન કરીને વૈજ્ઞાનિકોએ શોધી કાઢયુ છે કે એથેરોસ્કલેરોસિસ કરતા અથવા એ થવાની ઝડપવધારતા અમુક પરિબળો માણસના સીધા અંકુશમાં છે અને માણસ ધારે તો એમાં યોગ્ય ફેરફાર કરીને એથેરોસ્કલેરોસિસ થવાની ગતિને ધીમી પાડી શકે છે.

**કાબુમાં લઈ શકાય તેવા પરિબળો** (૧) લોહીનું ઉચું દબાણ (૨) ડાયાબીટીસ (૩) લોહીમાં ખરાબ કોલેસ્ટ્રોલનું ઉચું પ્રમાણ અને સારા કોલેસ્ટ્રોલનું ઓછું પ્રમાણ (૪) ચરબીયુક્ત શરીર (ઓબેસીટી) (૫) બેઠાડું જીવન – શ્રમનો અભાવ (૬) વ્યસન (૭) તાણ યુક્ત જીવન કાબુમાં ન લઈ શકાય તેવા પરિબળો

**(૧) આનુવંશીકતા :–** વારસાગત ૪૫ વર્ષ કરતા ઓછી ઉંમરના પુરૂષ સગામાં અથવા ૫૫ કરતાં ઓછી ઉંમરના સ્ત્રી સગામાં હદયરોગ થયો હોય.

**(૨) જાતિ :–** પુરૂષો અને માસિક સ્ત્રાવ બંધ થયા પછીની સ્ત્રીઓ (૩) ઉંમર : ૫૫ કરતા મોટી ઉંમરના પુરૂષો અને ૬૫ ઉંમરની સ્ત્રીઓ કાબુમાં લઈ શકાય તેવા પરિબળોમાં પણ બેઠાડું જીવન અને તાણ યુક્ત જીવન એવા પરિબળો છે જે આપણે આજ થી



**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**

જ કંટ્રોલમાં લઈ શકીએ તેમ છીએ.

**માનસિક તાણ, હતાશા અને ગુસ્સો :** વધુ પડતા માનસીક તાણને કારણે હદયરોગ થવાની શકયતાઓ વધી જાય છે. હાર્ટ એટેક આવવાનું જોખમ ગુસ્સો કર્યા પછીના બે ર.૩ ગણુ વધી જાય છે. વયોવૃધ્ધ વ્યક્તિમાં ગુસ્સાને કારણે હાર્ટ એટેક આવવાની શકયતા ઓર વધી જાય છે. સૌથી વધુ ગુસ્સો ધરાવનાર વડીલોમાં હાર્ટ એટેક આવવાનું પ્રમાણ સૌથી ઓછા ગુસ્સાવાળા વડીલો કરતા ત્રણ ગણું વધારે હતું.

ગુસ્સાને કારણે આખા શરીરમાં એવા પરિવર્તનો થાય છે જેના કારણે હદયને લોહી પહોચાડતી ધમનીઓ સંકોચાય છે અને લોહી ગંઠાઈ જવાની પ્રક્રિયા ઝડપી બને છે. આ બંને પરિબળો હાર્ટ એટેક નો હુમલો લાવવામાં અગત્યનો ફાળો આપે છે.

આ ઉપરાંત વેરભાવ અને હદયરોગને સીધો સબંધ છે એવું તાજેતરના અભ્યાસો ભારપુર્વક જણાવે છે. થોડા વર્ષો પહેલા એવું મનાતું હતુ કે ટાઈપ એ પ્રકારનું વ્યકતતિત્વ ધરાવનારાઓને હદયરોગ થવાની શકયતા વધારે હોય છે. જે વ્યક્તિઓ ખુબ જ સ્પર્ધાત્મક અભિગમ ધરાવતી હોય, ખુબ મહત્વાકાંક્ષી હોય, ખુબ જ ઉતાવળી હોય, કાયમ સમયની ખેંચમાં જીવતી હોય અને આક્રમક સ્વભાવની હોય એમને ટાઈપ એ પ્રકારનું વ્યક્તિત્વ ધરાવતી કહેવામાં આવે છે. આવી વ્યકિઓમાં હદયરોગનું પ્રમાણ વધારે હોય છે.સતત,માનસિક તાણ રહેવાને કારણે શરીરમાં કોર્ટીસોલ નામના અંતસ્ત્રાવનું પ્રમાણ પણ વધે છે જે હદયની ધમનીઓને સાંકડી કરવાની પ્રક્રિયા વધારે છે. જે માણસ દિવસનો મોટાભાગનો સમય ગુસ્સામાં અને નિરાશામાં વિતાવે છે એના હદયને સતત નુકશાન પહોચ્યા કરે છે અને લાંબે ગાળે હાર્ટ એટેક આવવાની શકયતાઓ ખુબ વધી જાય છે. આક્રમક સ્વભાવને કારણે દારૂ, સિગારેટ્નું વ્યસન થવાની શકયતાઓ પણ વધી જાય છે અને બીજી બાજુથી આવા વ્યસનો હદયરોગની શકયતા વધારી દે છે. આમ, આક્રમક સ્વભાવ અને વ્યસનની જોડી તંદુરસ્તીને ખેદાન મેદાન કરી નાંખે છે. **મર્મ બિંદુ :** મિત્રો, જો આપણે જોખમી પરિબળોથી બચીએ એટલે કે એક પણ પરિબળને આપણી અંદર ઉત્પન્ન ન થવા દઈએ અથવા જો આપણામાં આવુ પરિબળ હોય તો જીવનપધ્ધતિ બદલીને અને જરૂર પડે તો દવાથી એની શ્રેષ્ઠ સારવાર કરીએ તો એથેરોસ્કલેરોસિસ અને એના પરિણામે થતા હદયરોગથી બચવાની શક્તા ખુબ જ ઉજળી છે. બાકીની મદદ ઈર કરે એવી પ્રાથના કરીએ ! આપણા હાથમાં એનાથી વિશેષ શુ છે ? **(ક્રમશ:)**

# રામ જન્મકે હેતુ અનેકો, પર વિચિત્ર એક તે એકા ।

## અહૈતુક કૃપા



## પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)

**સંપાદક : મહેન્દ્ર સી. જોષી**
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૫ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)



અનંતપુરનાં ભગવાન તયાનાં ગ્રામવાસીઓ સોથ બેસી આત્મીયતાર્થ સાધારણ વાતો પણ કરતા, કયારેક ખેતરમાં જઈ બેસી જતાં અને રમેશભાઈને ખેતી વિષે યોગ્ય સૂચનાઓ પણ આપતા અને નેત્રયજ્ઞમાં જરૂર પડતાં અધિકારપુર્વક ઘઉંની ટ્રક પણ મંગાવી લેતા. રમેશભાઈ પણ પરમ આજ્ઞા પાલક છે. આ રીતે અનંતપુરમાં ભગવાનનું જુદું જ સ્વરૂપ જોવા મળ્યું. રમેશભાઈનું કુંટુંબ ભગવાનને 'મામાજી' તરીકે સંબોધ કરતું. બાકી ત્યાંના નાના બાળકો ''આમબાબા' કહેતા. કારણ કેરીની સીઝનમાં ભગવાન કેરી લઈ જતાં અને બાળકોને વહેંચતા

(૩૮)

**કરિય કૃપા શિશુ સેવક જાની**

એક દિવસ અનંતપુર રહી, મોટર દ્વારા ચિત્રકુટ જવા રવાનાં થયા રસ્તામાં બાન્દાથી ભગવાને પત્ર લખ્યો.

શ્રી રામચંદ્રાય નમઃ
પ્રિય હરિયાણી સાદર આસીસ,
મેરા સ્વાસ્થ સાધારણ હે, પર ચિન્તા નહીં રમા મેરે સાથ ઝરિયા જા રહી હે ઉસકો ચિન્તા ન કરના.
વહ ખુબ સેવા કરતી હે જબ સમય મિલતા હે તબ સબો આસીસ કહનાં શેષ કુશલ.
રણછોડદાસકા આસીસ

ચિત્રકુટમાં એક દિવસ પ્રસંગોપાત ભગવાને કહયું, 'રમા, તુમારી કિતની અચ્છી હો.'' મેં હસતાં કહયું, ભગવાન, ઝગડતી હૂં તબ કેસી કડવી લાગતી હૂં? તો લખીને આપ્યું, 'કડવી તુમડી ભી તો હૈ પર કિતને કાગકી હૈ સાધુઓકો ઉસકે બિના એક ક્ષણ નહીં ચલતાં''

જયપુરથી બાપુજીનો પત્ર આવેલો. ભગવાનને તેમનાં પ્રણામ કહેતાં પુછયું, ''તુમકો જયપુર તો નહીં બૂલા રહે હૈ ?'' મેં ના જણાવી અને બાપુજી પાસે ૧૫૦ રૂા. મંગાવું છું.ા એમ જણાવતાં કહયું, ''હાં હાં મંગવા લો.'' ત્યારે તો હું ન સમજી શકી કે કયાં ભાવથી કહે છે. પછી જણાયું કે નારાજ થઈ મંગાવવા કહેલું. ઝરિયા આવવા બાબત પુછતાં જવાબ આપ્યો, ''અરે બાબા, ઝરિયાકાં તો પુછો હી નહીં તુમકો ચલના હી હે.''

તા. ૨૦/૩/૬૩ના રોજ ઝરિયા પહોંચ્યા. ધનબાદ કુસુન્ડા ગામે રહેવાનું હતું. બીજા દિવસે ૧૦૮ નવાહન પારાયણનો કાર્યક્રમ યોજાયો હતો. ગુરૂભાઈ–બહેનો સાથે મારે પણ પાઠમાં બેસવાનું હતું. બહેનોને કેસરી સાડી અને ભાઈઓને કેસરી ટોપી પહેરવાનું ભગવાનનાં સુચનથી નકકી થયેલું. નવ દિવસ ખુબ ધામધૂમથી ભગવાનનાં સાંન્નિધ્યમાં નવાહ્ન પાઠ થયા. ચિત્રકુટથી ઘણાં સાધુસંતો પધારેલા.

એક દિવસ ભગવાને મને બોલાવી સો રૂપિયા આપ્યા. મેં લેવાની ના કહી અને જણાવ્યું બાપુજી પાસે મંગાવ્યા છે, હમણાં મને જરૂર નથી. તે સાંભળી કડક અવાજે બોલ્યા, ''મેં કહેતા હૂં ન લે લો, '' હું વધારે બોલી ન શકી. આ વખતે પહેલી જ વાર આ રીતે બે મહિનાં સુધી સાથે રહેવાનું તેમ જ આટલા ગામ ફરવાનું બનેલું. મારી પાસે ત્રણ ચાર સાડીથી વધારે ન રાખતી, હવે સાડીથી જરૂર હતી. મેં સારા હાથે કયારેય ખરીદી કરેલી નહી તેમ જ પૈસા પણ ન હતા. અતિ જરૂર હોવાથી ભગવાનનાં આપેલા સો રૂા.માંથી એક સોળ રૂા.ની સાડી તેમજ ચાર રૂા.ના બે બ્લાઉઝ પીસ ખરીદી લાવી તો ખરી પણ આખો દિવસ વીસ રૂા.માં આટલી જ ચીજો ? એમ થયા કર્યુ. અંત ર્યામી ભગવાને મનની વાત જાણી સાંજે મને બોલાવી કહયું. ''રમા જો ચીજકી જરૂરત હો લે આના ઔર આનંદસે રહના.'' ગભરાતા અવાજે લાવેલ ચીજોની જાણ કરી તો ખુશી વ્યકત કરતાં કહયું, ''બહુત અચ્છા હુઆ ઔર ભી કુછ લાના હો તો જરૂર લે આના.'' મેં કહયું, ''ભગવાન, પિતાજીકા મનીઓર્ડર આ જાને પર મૈં આપકો યહ પૈસે દે દુંગાી.'' તો કહે, ''પાગલ હો કયાં ?''બીજા દિવસ ભગવાન સમૂહમાં સાંજે બગીચામાં બિરાજતા હતા. તે વખતે એક નાનું ભજન જે મને અતિપ્રિય છે એ લખીને આપ્યું. ત્યારે તો કાગળ વાંચીને ફાડી નાંખ્યો. ભજનના શબ્દો હતા.

તારી મીઠી મુલાકાત
રામ દેવી પડશે.
તારા અંતરની વાત મને કહેવી પડશે...

રામચંદ્રકે ચરિત સુહાયે, કલ્પ કોટિ લગિ જાહિ ન ગાયે।

જગના સ્વામી તને કામ ઘણાં હોય તો યે
આટલી નિરાંત તારે લેવી પડશે તારી....

સંધ્યા સમયે ભગવાન રૂમમાં પધાર્યા એન મને બોલાવી. મેં તો સ્હેજ મને ગમતું હોવાથી ભજન લખેલું. આવી કલ્પનાં નહીં પણ પોતે અમલમાં મૂકી મને બોલાવી ત્યારે વિચાર આવ્યો શું કામ હશે. અંદર બોલાવી પુછયું, ''બોલો કયાં કામ હૈ ? કયોં તુમને મીઠી મુલાકાત માંગી હૈં ના ?'' આ રીતે પોતે સાક્ષાત રામ છે એ સ્વીકાર કર્યો.

રોજ કોઈને કોઈ કારણથી ભગવાન મને બોલાવતા હોવાથી એક બહેન બોલ્યા. અમે તો ગુરૂજી પાસે સમય માંગી માંગીને થાકી જઈએ છીએ અને તમને તો રોજ સામેથી બોલાવે છે. તેમને શ્રીમંતાઈનો નશો હતો. ધન, સત્તા, બુદ્ધિ કે ચતુરાઈનો નશો જયાં સુધી ઉતરે નહીં ત્યાં સુધી અહૈતુક કૃપા કેમ સંભવી શકે ?

મન કમ બચન છાંડિ ચતુરાઈ, ભજતહી કૃપા કરહિં રઘુરાઈ.

આ પરમકૃપાળુ પરમાત્માનો સ્વભાવ છે. નહીં તો શ્રીમંતો, સત્તા ધારીઓ, બુદ્ધિશાળીઓ અને ચતુર લોકો સંત અને ભગવંતનાં ચરણો સુધી તેમની દ્રષ્ટિએ ગણાતા નિર્બળને પહોંચવા જ ન દે. એક દિવસ એક બહેન ઈલેકટ્રીક મશીનથી ભગવાનની અનિચ્છા હોવા છતાં આગ્રહ પુર્વક દાઢી બનાવવા લાગ્યા. કોઈ જરાપણ નારાજ થાય તે સહી શકતા નહીં તેથી પોતે ન ગમતું બધું જ સ્વીકારી લેતા. અર્થાત પર ઈચ્છા પ્રમાણેનું જ જીવન જીવવાનું હવે શરૂ કરી રહયા હતા. મારી પાસે કાગળ પેન માંગી લખી આપ્યું.

દેખો ઈન્સાફકી દશા,
ઐસી દશા સુની ન દેખી
દેવદૂતો કે સાથ ન દેખી,
ફિરશ્તાઓકે સાથ ન દેખી,
ખુદાકે કયામમેં ન દેખી,
જૈસી બનાકી હજામતમે.

ઝરિયાથી જગન્નાથપુરી પહોંચ્યા, ત્યાં પણ ભગવાને ત્રણ ચાર દિવસ ગરીબ ભોજન તેમ જ સાધુભોજન મોટા પ્રમાણમાં કરાવેલું.ાસંતોને ભજન કરવું અને ભોજન કરાવવું પ્રિય હોય છે. ઘણીવાર ભગવાન કહેતા,

સ્વાહા આહા એક હૈ,
સુનો માની વિશ્વાસ
સ્વાહાસે હરિ તોષિયે,
આહાસે હરિદાસ

રામકથા કલિમલહરણિ, નૈગલકરણિ સુહાય । ગોસ્વામી શ્રી તુલસીદાસજીના શબ્દોમાં પણ,

તુલસી ઈાસા જગ આઈ કે, કર લીજે દો કામ,
દેનેકો ટુકડા ભલા, લેને કો હરિનામ.

જગન્નાથપુરીમાં એક દિવસ એક મોટા ઝાડ નીચે સમૂહમાં ભગવાન બિરાજતા હતા. ત્યાં રસોઈ બનતી હતી. બહેનો પુરી વણતા હતા. એક વાંદરાએ ઝાડ પરથી ભગવાનનાં ખોળામાં પેંડાનું પડીકું નાંખ્યુ. ભગવાને કહયું, ''લો હનુમાનજી મહારાજને પ્રસાદ ભેજા હૈ.'' કારણ આશ્ચર્ય જ હતું કે વાંદરો પેંડા લાવ્યો. કયાંથી ? અને લાવે તો આપે જ શાનો ? સ્વહસ્તે બધાને પ્રસાદ વહેંચ્યો. શ્રીપુરીનાં મંદિરમાં ભગવાન સાથે છેક અંદર સુધી જઈ દર્શનનો લ્હાવો મળ્યો. સાક્ષાત આનંદ સ્વરૂપ પ્રભુ આ રીતે નિત્ય નવો આનંદ આપતા રહેતા.


શ્રીપુરીથી ભગવાન કટક પધાર્યા. હું જયપુર આવી ઘેર જઈ જાણવા મળ્યું કે બાપુજીએ કેટલાય દિવસોથી દોઢસો રૂા.નું મનીઓર્ડર કરેલું. તે મને ન મળતાં ઘણા દિવસો બાદ ફરતું ફરતું જયપુર પાછું આવ્યું. મનીઓર્ડર મને મળવાનું જ ન હોવાથી ઝરિયામાં મને પરાણે પૈસા આપેલા. ભગવાન તો સર્વજ્ઞ છે.

(૩૯)

કૃપા સનેહ સદન રઘુરાઉ થોડા દિવસો બાદ વૃંદાવનથી ભગવાનનો પત્ર આવ્યો. તેમાં ગામનું નામ લખેલું નહી પરંતુ પોસ્ટની સ્ટેમ્પમાં વૃંદાવન વંચાતું હતું.

વૃંદાવન જયપુરથી નજીક હોવાથી દર્શનની ઉત્સુકતાને કારણે બે કલાકમાં તૈયાર થઈ બસમાં રવાનાં થઈ રાત્રે બાર વાગે મથુરા પહોંચી મથુરા પહેલી જ વાર ગઈ હોવાથી બાપુજીના કહયા પ્રમાણે બંગાલી ઘાટ પર એક ધર્મશાળામાં રાત રોકાય સવારે વૃન્દાવન ગઈ. કોઈ સરનામું ન હોવાથી વૃન્દાવનમાં સીધી પોસ્ટ ઓફિસ પહોંચી, પોસ્ટ માસ્તરને મળી ભગવાનનાં નામનાં પત્રો વિગેરે આવે છે ? તે બાબત પુછપરછ કરતાં તેમણે ભગવાનનો હસ્તલિખિત પત્ર બતાવ્યો અને કહયું. 'વે તો **(અસ્તુ)**

# સમજણ એ જ નારાયણ



**યોગેશ ભટ્ટ**
(બી.એ.એલ.એલ.બી.)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

**'' કેમ માફક ન આવી ઘટા પાંદડીની અહી કોઈને ? છાંયડો આજ શોધ વટેમાંરગુઓને ઝાડે ચઢી,'' – ભગવતીકુમાર શર્મા**

પ્રિય વંદનીય શિક્ષક પૂ.કાંતીદાદાનાં તાસમાં અભ્યાસકાળ દરમ્યાન સાંભળેલું દ્રશ્ટાંત યાદ કરતાં કહું તો તેઓ કહેતા કે સમયની સોથ કાયમ પરિવર્તનો થતાં જ રહે છે. આજે સામાન્ય માણસ માટે જે સગવડોા ાસહજતાથી હાથવગી થઈ શકે છે.

એ જ સગવડો પુરાતન કાળમાં રાજા–મહારાજાઓને પણ મળતી ન હતી !! આજે થોડીક ગરમી પડવાની શરૂ થાય ત્યાં જ સરળતાથી માણસ પંખો, કુલર, એ.સી.શરૂ કરીને ઠંડક મેળવી લે છે. જયારે પુરાતનકાળમાં ખુદ રાજા–મહારાજા ગરમીની ઋતુમાં ધોમધખતા તાપની વચ્ચે અસહ્ય ગરમીથી કંટાળીને તેનાંથી રાહત, ટાઢક મેળવવા માટે જંગલની વચ્ચે રહીને ગાર–છાણનાં લીપણથી વાતાનુકુલીત ઝુપડીઓ (આવાસો) બનાવતાં અને આ રીતે ઠંડક મેળવતાં ! વિચારો કે જે સગવડ મેળવવા માટે ખુદ રાજાને આટલી જહેમત ઉઠાવવી પડે એ જ સગવડ આજે સામાન્ય માણસ માત્ર એક સ્વીચ ઓન કરીને મેળવે છે. આવું જ કંઈક સંદેશા વ્યવહાર, પાણી પુરવઠા, રસોઈ, વાહન વ્યવહાર વિ.દરેક બાબતોમાં પરિવર્તન થતું જ રહયું છે. એક રાજા પોતાનો સંદેશો બીજા રાજાને જયારે મોકલતાં ભારે રાજયનો કોઈ નિશ્વિત અને જવાબદાર માણસ ઘોડો લઈને કે બળદગાડાંથી આ સંદેશો પહોંચાડતો (ઘણી વખત તો વચ્ચે જ સંદેશા બદલી જતાં અને બહુ મોટી ખુવારીઓ પણ થઈ જતી ! ) અને આજનાં યુગમાં મોબાઈલનાં ટેરવે મોકલેલોા મેસેજ ભુરી ટીકો થતાં મળી ગયો છે. જોવાઈ ગયો છે. ! કેટલી જાદુઈ ઝડપ ?!

દરેક સીકકાની બે બાજુ હોય છે.તેમ જેટલી સગવડો ઉભી થાય છે. તેમ અગવડો પણ કયાં ઓછી ઉભી થાય છે ? અગાઉનાં સમયમાં અથાંક મહેનત કરીને અને તેનાં ફાલસ્વરૂપે થોડુંક પ્રાપ્ત કરીને પણ માણસ હરખાતો–રાજી રાજી થઈ શકતો, ભાવ વિભોર બનીને રહી શકતો...


વધારે ખાસ કાંઈ તેમની પાંસે હતુ પણ નહી અને તેની જરૂર પણ ન હતી !! કાંટો કાઢનારનો પણ જીવનભર ઉપકાર માનનારી, આંખમાં પડયે પણ ન ખટકનારી પેઢી લુપ્તતાનાં આરે ઉભી છે.

હવે તો હોય એટલું ઓછું પડે એવા દેખાદેખીમાં રાચનારી આ પેઢી સરવાળે તો નર્યા અજંતો લઈને નથી ઉછરતી?! પ્રભુ સૌની રક્ષા કરે !! સાદબુદ્ધિ આપે !!

**સ્પાર્ક :**
''પાનખરમાં રોગ કમળાનાં થશે એ બીકથી, ભરવસંતે પાંદડાની લાશ લીલી નીકળી.

# આપણા અણગમાનું કારણ એટલે.... અપૂર્ણ અપેક્ષાઓ

## અનુભૂતિનાં અક્ષરો



**– નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ**

આપણી આસપાસ ઘણા એવા વ્યક્તિ કે સંબંધો હોય છે કે, જેનાથી આપણને કાયમ અણગમો રહેતો હોય એવું બને. ઘણી વખત એવી વ્યક્તિનું આસપાસ હોવું પણ આપણને અડચણરૂપ લાગે.છતાં એની સાથે સામાન્ય વ્યવહાર કરવો પડતો હોય ત્યારે મન ઉપર ભાર જેવું લાગ્યા કરે.જોકે ઘણી વખત આવા અણગમાના કારણો ચકાસતા સમજાય કે કાં તો એ વ્યક્તિ કે સંબંધમાંથી આપણને સતત નેગેટિવિટી જ મળતી હોય, અથવા ભૂતકાળનો કોઈ અણબનાવ આપણે ભૂલી ન શકતા હોઈએ એમ બને.

જો કે આ બધા કારણોની સાથે આપણા કોઈપણ વ્યક્તિ કે સંબંધ પ્રત્યેના અણગમાનુ એક કારણ આપણી જે તે સંબંધ કે વ્યક્તિથી આપણે રાખેલી અપેક્ષાઓની અપૂર્ણતા પણ હોય છે. એટલે કે આપણે કોઈપણ સંબંધ કે વ્યક્તિ માટે કંઈ પણ કરીએ ત્યારે અજાણતા જ સામે પક્ષે પણ આપણા માટે એવું અને એટલું કે એથી વધુ કરવું જ જોઈએ એવી અપેક્ષા આપણે રાખતા હોઈએ છીએ. જયારે સામે પક્ષે આવી સભાનતા ન જળવાયને આપણી અપેક્ષાઓ પર ખરૂ ન ઉતરાય ત્યારે ત્યાંથી અણગમો વર્તાય છે.

પણ જયાં આપણે આપણી મરજીથી કોઈ પણ સંબંધ કે વ્યક્તિ માટે કંઈક કરીએ ત્યારે તે આપણી ઈચ્છા કે આપણી પસંદગી હોય છે.તો જે પણ કર્યુ હોય એના વળતરની અપેક્ષા ન હોય. અને જો એના બદલામાં કંઈ પણ મેળવવાની અપેક્ષા હોય તો એ 'વ્યવસાયિક વ્યવહાર' થયો. અને તો એની સ્પષ્ટતા પણ હોવી જોઈએ.સામેની વ્યક્તિ કે સંબંધ સાથે નિખાલસ ચર્ચા કે ચોખવટ કરી લેવી જોઈએ કે, 'અમે તારા માટે આટલું કર્યુ છે અને હવે તમારે પણ આટલું કરવું જ પડશે.' જેથી સામે પક્ષે જે તે વ્યક્તિ કે સંબંધ માનસિક રીતે તૈયાર રહે.અને એની પણ સામેપક્ષે એટલું કરવાની તૈયારી હોય તોજ એ તમારી પાસે આશા રાખે. જેથી આગળ જતાં કોઈ અણગમાં ન થાય.

તો તો તમે કહેશો કે એવું થોડી કહેવાય ? તો તો આપણે સ્વાર્થી કહેવાઈએ.પણ પાછળથી જયારે અપૂર્ણ અપેક્ષાઓથી અણગમો થવાનો જ હોય તો,ત્યારે આપણે સ્વાર્થી ન કહેવાય ? પણ આપણે સ્વાર્થી જાહેર નથી થવું.

ખરેખર જે સંબંધ કે વ્યક્તિ માટે આપણે કંઈક કરી છૂટીએ એનું આપણા જીવનમાં ખાસ મહત્વ હોય, અને એનાથી ચોક્કસ લાગણી પણ હોય,તો જ આપણે કંઈક કરવા પ્રેરાઈએ.અને જો 'લાગણી હોય તો ત્યાં માંગણી ન હોય, કેમ કે માંગણી એટલે મતલબ અને મતલબ હોય ત્યાં માયા ના હોય'

તો લાગણીના સંબંધમાં શરત ના હોય. શા માટે એવું જરૂરી છે કે આપણે કરીએ કે વિચારીએ એ જ સાચું ને યોગ્ય. અને એજબધું સામેના પક્ષ તરફથી પરત મળે એવી અપેક્ષા રાખવી ? ખરેખર તો એ આત્મીયતા ભરી લાગણીનું અપમાન છે. આપણે આપીએ એ, એવુંજ, એટલુંજ કે એથી વધુ પ્રમાણમાં મળવું જ જોઈએ, એવી અપેક્ષા જ અન્ય પ્રત્યે અણગમો જન્માવે છે. આવી અપેક્ષાઓ અપૂર્ણ રહે ત્યારે મન ખાટું થઈ જાય છે. અને જે તે વ્યક્તિ કે સંબંધ પ્રત્યે અણગમો પ્રવર્તે છે.

આપણે જે ભાવ કે લાગણી કોઈને આપી સામાપક્ષે એને પણ એ જ ભાવને લાગણી આપણાં પ્રત્યે રાખવીએ તો માંગણી થઈ ને ? એવું જ હોય તો એનો સ્પષ્ટ કરાર કરવો જોઈએ. કેમ કે આવુ વલણ રાખવું એટલે સ્નેહનો સોદો કરવો. ખરેખર તો 'જયાં સ્નેહ છે ત્યાં કંઈ પણ કરીએ ત્યારે એના બદલામાં શું મળશે ? એ પ્રશ્ન જ ન હોય, અને કંઈ પણ મળવાની અપેક્ષા જ ન હોય. માત્ર સહજ પણે તે સંબંધ કે વ્યક્તિ પાસેથી જે પણ મળે તેનો સહજ સ્વીકાર હોય, સવાલ નહીં.

અને એ સમજણ સાથે જયારે કોઈ પણ સંબંધ કે વ્યક્તિ માટે કંઈ પણ કરીએ તો સામે પક્ષે કદાચ ધિક્કાર પણ મળે તો અણગમો રાખ્યા વગર આગળ વધી શકાય કદાચ જે તે સંબંધ કે વ્યક્તિ સાથે સંબંધોમાં ખટાશ આવે તો પણ હૃદયમાં કોઈ અણગમાનો ભાવ ન આવે.

એટલે કોઈ પણ સંબંધ કે વ્યક્તિ પ્રત્યે આપમેળે બાંધી રાખેલી અપેક્ષા ફલીપુત ન થાય ત્યારે જો આપણને વ્યક્તિ કે સંબંધ પરથી અણગમો પ્રગટે છે, તો એનો અર્થ જ એવો છે કે આપણા માટે એ સંબંધ કે વ્યક્તિનો સ્નેહ નહીં પણ આપણા સ્વાર્થ મહત્વનો હતો. અને આપણે સ્વાર્થ માટે જ કંઈ કર્યુ હતું. અને તો એ સંબંધ તો સ્વાર્થ ખાતર જોડાયો હતો સ્નેહથી નહીં.

કેમ કે જો સબંધમાં સ્નેહ હોય ત્યાં અણગમો અડે નહિ.

દા.ત,

'આપણે ત્યાં આજે મહેમાન આવ્યાને આપણે ચા નાસ્તો કરાવ્યો, એટલે હવે બે દિવસ પછી આપણે જઈએ ત્યારે એ એનાથી વધુ કરે તો ઠીક પણ આટલું તો એને કરવું જ જોઈએ ને જો કદાચ એના ઘરે જાવ ત્યારે તમારી એવી મહેમાનગતિ ના કરી શકે તો એના પ્રત્યે અણગમો થાય કે, 'અમે તો આટલું કર્યુ હતું અને એને ચાનો ભાવય ના પૂછયો ?'

એટલે 'તમે ચા ના બદલે ચાની અપેક્ષાથી જ ચા પીવડાવી હતી ?' જો જવાબ ના હોય તો પછી અણગમો કેમ? અને જો જવાબ હા હોય તો પહેલેથી કહી દેવું જોઈએ.

મોટાભાગે આવી અપૂર્ણ રહેલી અપેક્ષાઓ જ કેટલીક વ્યક્તિ કે સંબંધમા અણગમો જન્માવે છે. અને અણગમાની આગ કોઈપણ સંબંધ કે વ્યક્તિના સ્નેહને સળગાવી દે છે,અને બધું ભસ્મિભૂત થઈ જાય છે.

માટે આપણા સાચા અને સારા સંબંધો કે વ્યક્તિઓ પ્રત્યે કયારેય આવો કોઈ અણગમો ન આવે તે માટે ચેતતા રહેવું. આવી કોઈ અપૂર્ણ અપેક્ષાઓને અણગમો ન બનવા દેવી. આપણી આસપાસના સારા,સાચાને સ્નેહભર્ વ્યકિત અને સંબંધોને સાચવી લેવા.આજના સમયની આ મહામૂલી સંપત્તિ છે. એના પર અણગમાનો ઓછાયો ના પડવા દેવો.

# અમરેલી ખાતે ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સની કારોબારી બેઠક યોજાઇ






અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર્સ ઓફ કોમર્સની કારોબારી બેઠક અમરેલી ખાતે ડીસ્ટ્રીકટ ચેમ્બર્સ ઓફ કોમર્સ પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લાનાં મહામંત્રી રાજુભાઈ શીંગાળા, મિતુલભાઈ ગણાત્રા, મયુરભાઈ બોધરા દ્વારા મીટીંગનું સંચાલન અલગ અલગ વિષય પર કરવામાં આવેલ હતું, આ બેઠકમાં વેપારીને પડતી વેપારમાં મુશ્કેલી બાબતે ચર્ચા કરવામાં આવેલ, ઓનલાઈન વેપાર સામે સ્થાનીક વેપારી ભાઈઓનાં ધંધાને પડતી મુશ્કેલી બાબતે, તેમજ સ્થાનીક વેપારીભાઈઓને મદદ કરી શકાય અને વેપારી સંગઠન વધુને વધુ મજબુત બનાવવું અને જિલ્લાભરમાં વેપારની વાતને વાંચા આપવી આવા અલગ – અલગ મુદે તાલુકા ચેમ્બર્સનાં પ્રમુખઓની પોતાની વાત મુકી હતી. ત્યારબાદ જિલ્લાની ટીમમાંથી બાબરાથી પધારેલી ડિસ્ટ્રીક ચેમ્બર્સનાં ઉપપ્રમુખ મુન્નાભાઈ મલકાણ, ધારીથી મુકેશભાઈ રૂપારેલીયા લાઠી થી મેઘાભાઈ ડાંગર અમરેલીથી ભુપતભાઈ સાવલીયા, રાજભાઈ જાની, હિતેષભાઈ પોપટ, મંત્રીઓ બગસરાથી પ્રકાશભાઈ રાણીગાં, પ્રકાશભાઈા કારીયા અનીલભાઈ બાંભરોળિયા સહમંત્રીઓ ખાંભાથી મહેન્દ્રભાઈ હરીયાણી, ધારીથી પરેશભાઈ પટ્ટણી, અમરેલી કમલેશભાઈ ટાંક સંગઠન મંત્રીઓ રાજુલાથી ગોરવભાઈ મહેતા, પુર્વ પ્રમુખ બકુલભાઈ વોરા, જીગ્નેશભાઈ ત્રિવેદી, મનીષભાઈ વાળા, ચિતલથી સુખદેવસિંહ સરવૈયા, ભીમજીભાઈ વેકરીયા સહ ખજાનચી ભાવિનભાઈ ભટ્ટ, સહીતની ઉપસ્થિતીમાં સર્વાનુમંતે અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર્સ ઓફ કોમર્સની ટીમ વેપારીઓનું સંગઠન વધુ મજબુત બને એવા શુભ હેતુથી ટીમમાં અમરેલી શહેર અને જિલ્લામાંથી પ્રતિષ્ઠીત વેપારી અને ઉદ્યોગકારોનો સમાવેશ કરવામાં આવેલ જે નિમણુંક મહામંત્રી રાજુભાઈ શીંગાળા દ્વારા જાહેરાત કરવામાં આવેલ જેમાં ઉપપ્રમુખ તરીખે હસમુખભાઈ દુધાત, દિવ્યેશભાઈ વેકરીયા, કેતનભાઈ ધોળકિયા, ભાવેશભાઈ સોઢા, મંત્રી તરીખે ધવલભાઈ ગોલ, અરૂણભાઈ ડેર, નિલેષભાઈ ધાધલ સહમંત્રી તરીખે નિમેષભાઈ બાંભરોળીયા, કમલેશભાઈ સૌમેયા યોગેશભાઈ દવે, સંગઠન મંત્રી તરીખે રાજુભાઈ નાગ્રેચા, મનીષભાઈ વાળાની વરણી સર્વાનુમતે કરવામાં આવેલ હતી. સાથે આ મીટીંગમાં અમરેલી વેપારી મહામંડળ નાં પ્રમુખ બીરજુભાઈ અટારા પુર્વ પ્રમુખ સંજયભાઈ વણજારા ટાવરચોક વેપારી અશોશીએશનના પ્રમુખ હિતેષભાઈ પોપટ, કારોબારી સભ્ય, નિલેશભાઈ ધોળકીયા, પ્રવિણભાઈ હિરપરા, ભાવેશભાઈ કાબરીયા, સુનીલભાઈ જીજુવાડીયા, બિજેશભાઈ ગેડીયા, ભાર્ગવભાઈ પંચોળી, વિશાલભાઈ ઠાકર, કેતનભાઈ ગોલ, જીતેન્દ્ર ચૌહાણ, મોન્ટુભાઈ દોશી, ધીરૂભાઈ રામાણી, શશીકાંત તેરૈયા, હસુભાઈ ઢોલરીયા, વિરલભાઈ વિરપરા, મુકેશભાઈ સોઢા, પરેશભાઈ કાબરીયા, કલ્પેશભાઈ ભડયાદરા જયદિપ રાઠોડ, હિરેનભાઈ પોપટ, ધર્મશભાઈ વિસાવળીયા, પંકજભાઈ મારૂ, પીન્ટુભાઈ મકવાણા, ધાર્મિકભાઈ વસાણી, વિજયભાઈ રાઠોડ, કૃણાલભાઈ ચાંદ્રાણી, હરેશભાઈ સરૈયા, મનીષભાઈ સાવલીયા, રૂષીભાઈ ભટ્ટ, દિનેશભાઈ સંઘવી, અમીતભાઈ જોષી સહિતના સભ્યો ઉપસ્થિત રહયા હતા.અને સર્વ નવનિયુકત હોદેદારઓને શુભેચ્છા પાઠવી હતી. સાથે જિલ્લાભરમાંથી પધારેલ સર્વા પ્રમુખો બેનજ સભ્યો દ્વારા પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદી, જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજના મહામંત્રી તરીખે નિમણુંક થતા તેમજ ડિસ્ટ્રીકટ ચેમ્બર્સનું સંગઠન વધુ મજબુત બનાવશે તે બદલ સમગ્ર ટીમ દ્વારા પુષ્પગુજ અને હાર થી સન્માન કરવામાં આવેલ હતું. આ સમગ્ર મીટીંગનું સંચાલન ડિસ્ટ્રીકટ ચેમ્બર્સનાં મહામંત્રી મીતુલભાઈ ગણાત્રા દ્વારા કરવામાં આવેલ હતું.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીમાં ''મિશન બ્રોડગેજ''ની

ગાંધીવાદી સમાજ સેવક દુર્ગાબેન મહેતા તથા તેજસ્વિની વુમન્સ કલબના પ્રેસિડેન્ટ આશાબેન દવે તેમજ અમર જવાન જયોતિ ખાતે વિદ્વાન ધારાશાસ્ત્રી ઉદયનભાઈ ત્રિવેદી અને ડો. એ.જે. ડબ્બાવાલા તેમજ કડિયા નાકા સામે આવેલ મહાત્મા મુળદાસજીની પ્રતિમાએ નિવૃત્ત મામલતદાર અને કડિયા સમાજના કાર્યકારી પ્રમુખ હરજીવનભાઈ ટાંક, રૂપાયતનના મેનેજિંગ ટ્રસ્ટ્રી રવજીભાઈ કાચા તથા જીવનભાઈ હિંગુ તેમજ નાગનાથ બસ સ્ટેન્ડ સામે આવેલ ભોજલરામ બાપા, જલારામ બાપા અને વાલમરામ બાપાની પ્રતિમાને લોહાણા મહાજનના પ્રમુખ જીતુભાઈ ગોળવાળા, સ્વ. જનુભાઈ આચાર્ય રામરોટી ટ્રસ્ટના સંચાલક ભરતભાઈ આચાર્ય, લોકસાહિત્ય સેતુના પ્રમુખ મહેન્દ્રભાઈ જોશી તેમજ સિનિયર સિટીઝન પાર્ક ખાતે આવેલ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ડો. પી.પી. પંચાલ, ડો. હર્ષદ રાઠોડ તેમજ મોટા બસ સ્ટેન્ડ પાસે આવેલ ડો. ભીમરાવ આંબેડકરની પ્રતિમાને સૌરાષ્ટ્ર વિકાસ પરિષદના મહામંત્રી દિલશાદભાઈ શેખ તથા રીટાયર્ડ રેલવે ઓફિસર લક્ષ્મીકાંત મહાજન તેમજ કોલેજ સર્કલ ખાતે આવેલ શહીદ સ્મારકે લેઉવા પટેલ સમાજના પ્રમુખ અને અગ્રણી ઉદ્યોગપતિ દિનેશભાઈ ભુવા, આંતરરાષ્ટ્રીય પરિષદના દડુભાઈ ખાચર, જાણીતા કવિ હરજીવન દાફડા તથા નિવૃત્ત શિક્ષક અને વર્ષોથી વિનામૂલ્યે સાપ પકડવાની સેવા આપતા બાબુભાઈ ડાભી તેમજ ચક્કરગઢ રોડ દાનેવ ચોક ખાતે આવેલ બજરંગદાસ બાપાની પ્રતિમાને પ્રજાપિતા બ્રહ્માકુમારીને સમર્પિત ડો. એસ.આર. દવે તથા શ્રવણ પ્રસાદ કેન્દ્રના સંયોજક ભીખુભાઈ અગ્રાવત તેમજ જેસીંગપરા ખાતે આવેલ છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાને અનાજ કરિયાણા રિટેલ મર્ચન્ટ એસોસિએશનના પ્રમુખ ચતુરભાઈ અકબરી તથા ખેડૂત આગેવાન પ્રકાશભાઈ ભડકણ સહિતના તમામ સમાજ શ્રેષ્ઠીઓએ આ પ્રતિમાઓને પુષ્પાંજલિ અર્પણ કરીને સહી ઝુંબેશનો પ્રારંભ કરાવ્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે મિશન બ્રોડગેજ અમરેલી સમિતિના વિપુલ ભટ્ટી, ભાર્ગવભાઈ મહેતા, રાજેશભાઈ ગાંધી, આશાબેન દવે, મહમ્મદઅલી બારૂની, કૌશિકભાઈ ટાંક, અજય અગ્રાવત, દીપકભાઈ મહેતા, જાવેદખાન પઠાણ, યોગેશભાઈ કોટેચા, હરેશભાઈ સાદરાણી, ધર્મેશ જોટંગીયા, શશાંક મહાજન, મનીષ સાંગાણી, અલ્પેશ કાબરીયા, જયસુખભાઈ સોજીત્રા, પ્રવીણ મોલાડીયા, વી.કે. ચાવડા, પંકજભાઈ રાજયગુરૂ, વિશાલ મહેતા, વિજય ધંધુકિયા, તુલસીભાઈ મકવાણા, બાબુલ ત્રિવેદી, સુરેશ ભરવાડ, હસમુખભાઈ વાજા, ગોપાલભાઈ ઉંઘાડ, હાર્દિક હિંગુ, બકુલ પંડયા, સુમિત કાબરીયા, પારસ મસરાણી, હાર્દિક જોશી, પ્રફુલ રાઠોડ તેમજ કિશોરભાઈ જાની, પ્રફુલભાઈ ધામેચા, વિનુભાઈ પોશિયા, દીપકભાઈ પટેલ, ડી.જી. મહેતા, ખીમચંદભાઈ ચાંદરાણી, પેઈન્ટર જોગી, ભાર્ગવભાઈ પંચોલી, હરેશભાઈ ભાયાણી, હસમુખભાઈ ઠાકર, એ.બી. ગોહીલ, મધુભાઈ માવાવાળા, ઉષાબેન રાવળ, પાયલ ભોરિંગ સહિતના લોકોએ આ સહી ઝુંબેશને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

## અવસાન નોંધ

**અમરેલી :** નવાગામ ભાટીયા, અમરેલી નિવાસી સ્વ. મહેન્દ્રભાઈ નારણદાસ સંપટ ( એસબીઆઈ) ઉ.વ. ૬૯ તે કિર્તીબેનનાં પતિ, દર્શનભાઈ તથા બ્રિજેશભાઈ (એસબીઆઈ)ના પિતા સ્વ. રમાબેન, રમેશભાઈ, સ્વ.ચંદ્રીકાબેન તથા ક્રિષ્નાબેનનાં ભાઈ, આસીતનાં કાકા તથા સ્વ. મનસુખભાઈ કનૈયાલાલ આશરનાં જમાઈ તા.૨૨/૯/૨૩ને શુક્રવારનાં રોજ શ્રીજી ચરણ પામેલ છે. તેમનું ઉઠમણું તા.૨૪/૯/૨૩ને રવિવારનાં રોજ સાંજે ૪ થી ૬ સંઘવી ધર્મશાળા, સ્ટેશન રોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપ પાસે, અમરેલી મુકામે રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૨૫ | ૧૫૦૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૩૦ |
| ૩ | શિંગદાણા | ૧૨૮૦ | ૧૮૨૫ |
| ૪ | તલ સફેદ | ૧૬૩૦ | ૩૪૪૨ |
| ૫ | તલ કાળા | ૨૮૬૦ | ૩૪૦૭ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૫૭૨ | ૩૫૭૨ |
| ૭ | બાજરો | ૩૩૫ | ૪૧૧ |
| ૮ | જુવાર | ૫૦૦ | ૧૦૩૨ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૦૦ | ૫૮૮ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૧૯ | ૫૭૧ |
| ૧૧ | મગ | ૮૫૦ | ૨૩૦૫ |
| ૧૨ | અડદ | ૧૩૮૦ | ૨૧૪૦ |
| ૧૩ | ચણા | ૮૦૦ | ૧૨૫૧ |
| ૧૪ | તુવેર | ૧૧૦૦ | ૨૩૬૫ |
| ૧૫ | કપાસ | ૯૦૦ | ૧૫૭૩ |
| ૧૬ | એરંડા | ૯૬૧ | ૧૧૮૬ |
| ૧૭ | રાય | ૧૧૯૦ | ૧૨૫૦ |
| ૧૭ | ધાણા | ૯૬૦ | ૧૨૪૦ |
| ૧૯ | અજમા | ૨૮૫૦ | ૩૦૭૬ |
| ૨૦ | મેથી | ૧૧૪૫ | ૧૨૨૮ |
| ૨૧ | સોયાબીન | ૭૫૨ | ૯૦૧ |

### સુરતથી અમરેલી જિલ્લામાં આવવા દિવાળી વેકેશનમાં અત્યારથી બુકિંગ હાઉસફૂલ

# સા.કુંડલા, લીલીયા, રાજુલા માટે દૈનિક દોડતી ટ્રેનમાં મુસાફરોના ઘસારાને કારણે બુકિંગ ફૂલ થઇ ગયું

### રેલ્વે દ્વારા વધારાના કોચ જોડવામાં આવે તો લોકોને મોટો ફાયદો થઈ શકે તેમ છે

અમરેલી, તા. ૨૩

દિવાળીના દિવસો હવે નજીકમાં જ હોય ત્યારે વેકેશનમાં સુરતથી વતનમાં આવવા માટે ટ્રેનમાં અત્યારથી જ તમામ બુકિંગ હાઉસફુલ થઈ ગયા છે અને લાંબો વેઈટિંગ લિસ્ટ છે. લોકોએ ના છૂટકે અન્ય વાહનોમાં મુસાફરી કરી અને આવવું પડશે. અમરેલી જિલ્લામાંથી લાખોની સંખ્યામાં લોકો પરિવાર સાથે સુરત સ્થાયી થયા છે અને તેઓ મોટાભાગે દિવાળીનો તહેવાર પોતાના વતનમાં જ પરિવારના લોકો સાથે જ ઉજવે છે. આ વર્ષે પણ દિવાળીના તહેવારોમાં સુરતમાંથી હજારોની સંખ્યામાં લોકોનો વતન ભણી ઘસારો શરૂ થશે. એસ.ટી. બસમાં સુરત ખાતેથી ખાસ એકસ્ટ્રા બસો દોડાવવામાં આવનાર છે. આ ઉપરાંત અમરેલી જિલ્લામાં દોડતી સુરતની દૈનિક ટ્રેનમાં અત્યારથી જ સુરતથી લીલીયા, સાવરકુંડલા, રાજુલા સહિતના સ્ટેશનોએ આવવા માટે લોકોના ભારે ઘસારાના કારણે બુકિંગ ફુલ થઈ ગયું છે અને ટિકિટ મળવી પણ મુશ્કેલ બની ગઈ છે. સાત નવેમ્બરથી જ વેઈટિંગની શરૂઆત થઈ ગઈ છે અને તે દિવસે પંચાવનનું વેઈટિંગ છે. ૯ નવેમ્બરના દિવસે તો ૩૭૫ નું વેઈટિંગ છે. આ રીતે છેક ૧૮ નવેમ્બર સુધી સુરતથી અમરેલી જિલ્લામાં આવવા માટે વેઈટિંગ છે અને અત્યારથી જ ટિકિટ મળવી મુશ્કેલ બની છે.

## બગસરામાં વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો



બગસરા, તા. ૨૩

શા. માણેકચંદ મુલચંદ સાર્વજનિક ટ્રસ્ટ આંખની હોસ્પીટલ ખાતે યોજાયેલ ૫૮૦માં વિનામુલ્યે નેત્ર નિદાન કેમ્પમાં બગસરા ડેપ્યુટી કલેકટર (પ્રાંત) પુજા મેડમે શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ હોસ્પિટલના ટ્રસ્ટી અને સંચાલન કરતી જેસિઝ ગૃપના પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાએ હોસ્પીટલ દ્વારા આંખની સારવાર તેમજ દર પંદર દિવસે યોજવામાં આવતા કેમ્પની પ્રવુત્તિથી જાણકારી આપેલ. હોસ્પિટલની સેવાકિય પ્રભાવિત થયેલ પુજા મેડમે દર્દીઓને તેમજ ડોકટરની સાથે જાણકારી મેળવી હતી. નાયબ મામલતદાર પ્રશાંતભાઈ ભીંડી પણ સાથે જોડાયા હતા.


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૦૦ | ૧૫૭૫ |
| ૨ | મગ | ૧૬૯૦ | ૧૭૦૦ |
| ૩ | અડદ | ૧૬૪૦ | ૧૮૬૦ |
| ૪ | ઘઉં | ૪૩૦ | ૫૬૦ |
| ૫ | ચણા | ૯૦૪ | ૧૧૩૬ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૪૧૧ |
| ૩ | તલ સફેદ | ૩૧૦૦ | ૩૩૯૨ |
| ૪ | તલ કાળા | ૩૦૦૦ | ૩૨૦૦ |
| ૫ | કપાસ | ૧૪૦૦ | ૧૫૮૧ |
| ૬ | કપાસ નવો | ૧૧૫૦ | ૧૪૮૬ |
| ૭ | ઘઉં લોકવન | ૫૧૧ | ૫૯૧ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૧૮ | ૬૦૧ |
| ૯ | બાજરો | ૩૩૦ | ૪૪૦ |
| ૧૦ | જુવાર | ૬૫૧ | ૧૧૦૦ |
| ૧૧ | ચોળી | – | ૧૯૫૧ |
| ૧૨ | મગ | ૧૭૭૧ | – |
| ૧૩ | અડદ | ૧૭૦૦ | ૧૭૮૦ |
| ૧૪ | ચણા | ૧૦૬૦ | ૧૨૩૭ |
| ૧૫ | એરંડી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૧૬ | મેથી | – | ૧૪૦૧ |
| ૧૭ | રાય | ૧૨૦૧ | – |
| ૧૮ | ધાણા | ૧૦૦૦ | ૧૨૦૧ |
| ૧૯ | સોયાબીન | – | ૮૫૦ |

# અમરેલી : ક્રાઈમ બ્રાન્ચે સા.કુંડલા અને વધઇ પંથકમાં ગુન્હો કરી નાસતા-ફરતાં આરોપીની કરી અટકાયત



અમરેલી, તા. ૨૩

અમરેલ પોલીસ અધિક્ષક હિંમકરસિંહે માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન તથા ડાંગ જિલ્લાનાં વધઈ પોલીસ સ્ટેશન આઈ.પી.સી. કલમ ૩૨૬, ૫૦૬(૨), ૫૦૪ મુજબનાં ગુનાનો આરોપી જાકીરભાઈ ઉર્ફે જીકર કાસમભાઈ મેમણ છેલ્લા ૨૮ વર્ષથી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હોય, તેમજ મજકુર લીસ્ટેડ આરોપી જાકીરભાઈ ઉર્ફે જીકર કાસમભાઈ મેમણને ટેકનીકલ સોર્સ અને બાતમી હકિત આધારે ગઈ કાલ તા. ૨૨નાં રોજ સાવરકુંડલા ટાઉનમાંથી પકડી પાડી આગળની કાર્યવાહી થવા સારું સાવરકુંડલા પકડી પાડી આગળની કાર્યવાહી થવા સારૂ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### નાયબ દંડક વેકરિયા અને મુકેશ સંઘાણી દ્વારા

# અમરેલીનાં પ્રમુખ સ્વામીનગર ખાતે ગણેશ વંદના કરવામાં આવી

### મંગલમૂર્તિ મહિલા મંડળ દ્વારા સુંદર આયોજન



અમરેલી, તા. ૨૩

અમરેલીના લાઠી રોડ પર આવેલ પ્રમુખ સ્વામીનગર સોસાયટી ખાતે મંગલમૂર્તિ મહિલા મંડળ આયોજિત ગણપતિ ઉત્સવમાં ગુજરાત રાજય વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયા તથા સારહિ યુથ કલબના પ્રમુખ મુકેશ સંઘાણી વિગેરેએ આરતીનો લ્હાવો લીધો હતો.

અમરેલીના લાઠી રોડ પર આવેલ પ્રમુખ સ્વામીનગર સોસાયટી ખાતે મંગલમૂર્તિ મહિલા મંડળ આયોજિત ગણપતિ ઉત્સવમાં ગુજરાત રાજયના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયા, સારહિ યુથ કલબના પ્રમુખ મુકેશ સંઘાણી, શહેર ભાજપના પ્રમુખ ભાવેશ સોઢા, શહેર ભાજપ મહામંત્રી રાજેશ માંગરોળીયા, કારોબારી ચેરમેન મનીષભાઈ ધરજીયા, નગરપાલિકાના દંડક દીલાભાઈ વાળા, નગર સેવક સુરેશભાઈ શેખવા, દીપકભાઈ બાંભરોલીયા, હરિભાઈ કાબરીયા, પ્રદેશ બક્ષીપંચ મોરચાના મયુરભાઈ માંજરીયા, પીએસઆઇ ગલચર, પીજીવીસીએલના ગણાવા, મુકુંદભાઈ મહેતા તેમજ વિશાળ સંખ્યામાં સોસાયટી પરિવારના ભાઈઓ તથા બહેનો હાજર રહ્યા હતા અને આરતીનો લાભ લીધો હતો.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૦૨૬ | ૧૫૦૧ |
| ૨ | કપાસ જુનો | ૧૩૫૧ | ૧૫૦૬ |
| ૩ | મગફળી | ૯૦૦ | ૯૦૦ |
| ૪ | તુવેર | ૧૦૦૦ | ૧૪૫૦ |
| ૫ | ચોળી | ૧૭૭૫ | ૧૭૭૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૪૧ |
| ૨ | ચણા | ૧૧૯૨ | ૧૨૦૦ |
| ૩ | અડદ | ૧૬૬૫ | ૧૭૦૧ |
| ૪ | સોયાબીન | ૮૨૫ | ૯૦૦ |
| ૫ | તુવેર | ૧૫૦૦ | ૧૮૬૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૯૩ | ૫૩૭ |
| ૭ | બાજરો | ૩૮૫ | ૩૮૫ |
| ૮ | મગફળી | ૧૦૫૦ | ૧૩૧૫ |
| ૯ | ચોળી | ૭૦૦ | ૭૦૦ |
| ૧૦ | ધાણા | ૧૮૫૪ | ૨૦૦૦ |
| ૧૧ | તલ સફેદ | ૩૨૦૫ | ૩૩૦૯ |
| ૧૨ | લસણ | ૧૫૪૮ | ૧૯૫૨ |
| ૧૩ | મગ | ૧૩૨૫ | ૧૩૨૫ |
| ૧૪ | શીંગદાણા | ૧૬૬૦ | ૧૭૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૨૫ |
| ૨ | મગફળી | ૧૧૦૦ | ૧૧૫૫ |
| ૩ | ઘઉં | ૫૧૦ | ૫૧૦ |
| ૪ | ચણા | ૯૯૦ | ૧૧૫૬ |
| ૫ | તલ | ૩૨૪૫ | ૩૨૪૫ |
| ૬ | અડદ | ૧૮૭૦ | ૧૮૭૦ |
| ૭ | જુવાર | ૮૪૦ | ૮૪૦ |
| ૮ | શીંગ ફાડા | ૧૪૪૦ | ૧૪૪૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૩૨ | ૧૦૬૦ |
| ૨ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૨૦૦ |
| ૩ | કપાસ | ૯૦૦ | ૧૫૮૭ |
| ૪ | બાજરો | ૩૭૦ | ૪૪૨ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૨૫ |
| ૬ | જુવાર | ૫૫૦ | ૧૧૧૦ |
| ૭ | ચણા | ૯૦૦ | ૧૧૦૦ |
| ૮ | સોયાબીન | ૮૫૧ | ૯૦૦ |

## નાયબ દંડક કૌશિક વેકરિયા અને સાંસદ કાછડીયાનાં અધ્યક્ષ સ્થાને

# અમરેલીમાં આજે ડીસ્ટ્રીકટ ચેમ્બર્સ ઓફ કોમર્સની વાર્ષિક બેઠક યોજાશે

**આગામી વર્ષ માટેનાં હોદ્દેદારોની નિમણૂંક સહિતની રૂપરેખા તૈયાર કરવામાં આવશે**

**અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલિયા, વાઈસ ચેરમેન મુકેશ સંઘાણી, પરેશ ધાનાણી, પી.પી. સોજીત્રા ઉપસ્થિત રહેશે**

**પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડ, ડો. ગજેરા, ડો. કાનાબાર, યુવા નેતા મનિષ સંઘાણી પણ ઉપસ્થિત રહેશે**

**ચેમ્બરનાં પ્રમુખ ચતુરભાઈ અકબરી અને કાર્યકારી પ્રમુખ હરેશ સાદરાણીએ આમંત્રિતોને ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો**










અમરેલી, તા. ૨૩

અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સની વાર્ષિક બેઠક આવતીકાલ રવિવારે સાંજનાં ૬ કલાકે રાધિકા રેસ્ટોરન્ટ ખાતે યોજવામાં આવેલ છે.

આ બેઠકમાં નાયબ દંડક કૌશિક વેકરિયા અને સાંસદ કાછડીયા અધ્યક્ષ સ્થાને રહેશે અને અમર ડેરીનાં ચેરમેન અશ્વિન સાવલિયા, વાઈસ ચેરમેન મુકેશ સંઘાણી, પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડ, પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણી, યાર્ડનાં પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા, ડો. કાનબાર, યુવા નેતા મનિષ સંઘાણી આમંત્રિ મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે.

આ બેઠકને સફળ બનાવવા ચેમ્બરનાં પ્રમુખ ચતુરભાઈ અકબરી અને કાર્યકારી પ્રમુખ હરેશભાઈ સાદરાણીનાં માર્ગદર્શનતળે તડામાર તૈયારીઓ કરવામાં આવી છે. આ તકે ડીસ્ટ્રીકટ ચેમ્બરનાં પૂર્વ પ્રમુખ મહેશભાઈ નગદીયા પણ ઉપસ્થિત રહેશે.

### યે રિશ્તા કયાં કહેલાતા હૈ, ગુરૂ શિષ્ય કા અતૂટ બંધન

## સાવરકુંડલા સનરાઈઝ સ્કુલનો વિદ્યાર્થી સરકારી નોકરી મળતા વિદ્યાગુરૂને મળવા પહોંચી ગયો




સાવરકુંડલા, તા. ૨૩

સાવરકુંડલામાં મેઘજી પેથરાજ છાત્રાલયમાં રહેતો અને પ્રાથમિક માધ્યમિક અભ્યાસ સનરાઈઝ સ્કુલમાં કરેલ અને ૨૦૧૮માં શાળા છોડેલ, વિદ્યાર્થી વિશાલ ભગવાનભાઈ બાંભણિયા ગુજરાત ગવર્મેન્ટ હેલ્થ ડિપાર્ટમેન્ટમાં ‘મલ્ટી પર્પજ હેલ્થ વર્કર‘તરીકે પસંદગી પામતા સૌપ્રથમ પોતાનો ઓર્ડર લઈ પોતાના વિદ્યા ગુરૂ બાપુસર પ્રતાપભાઈ ખુમાણને મળવા અને ખુશ ખબર આપવા દોડી ગયો હતો. મૂળ ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકાના કાંધી ગામનો વતની આ અતિ સાધારણ પરિવારનો અતિ તેજસ્વી બાળક વિશાલ પોતાના માર્ગદર્શક ખુમાણને પિતા તુલ્ય ગણે છે એટલે જ જયારે પોતાના હાથમાં સરકારી નિમણૂક હુકમ આવ્યો કે તરત જ પોતાના ઘેર જવાને બદલે પોતાના રાહબર એવા બાપુને મળીને આ ખુશખબર આપતા જ તેની આંખોમાંથી હરખના આંસુ છલકી ઉઠયા હતા. બાપુ પણ ખુબ ખુશ થઈ શાબાશી આપી હતી અને વિશાલને મીઠાઈ ખવડાવી તેનું મોં મીઠું કરાવ્યું હતું.

વર્તમાન સમયમાં મોટે ભાગે સ્વાર્થના સંબંધો જ જોવા મળે છે ત્યારે આવા પરંપરાગત વર્ષોના વર્ષો સુધી જળવાતા નિસ્વાર્થ સંબંધો હજી આપણી પ્રાચીન ગુરૂ શિષ્ય પરંપરાની સંસ્કૃતિને જીવંત રાખે છે.

## ચાંદગઢમાં ખોડીયાર સિંચાઈની કેનાલ રીપેર કરવા માંગ

અમરેલી, તા. ૨૩

અમરેલી તાલુકાના ચાંદગઢ ગામે આવેલ ખોડીયાર સિંચાઈની નહેર સાવ તુટેલી હાલતમાં છે. ૨૦૧૫ માં આવેલ જળ હોનારતમાં આ કેનાલ સાવ તૂટી ગયેલ છે. કેનાલમાં આવેલ કૂંડીઓ તેમજ બે કૂંડીઓ વચ્ચે આવેલા પાઈપ પણ તુટી ગયેલ છે. કેનાલમાં બાવળો ઊગી નીકળેલ છે. સોનારીયાથી ચાંદગઢ સુધીમાં દર વર્ષે પાણીનો બગાડ થાય છે ને નદીમાં પાણી વહી જાય છે ને ખેડુતોના ખેતરો પાણીથી વંચિત રહે છે. માટે આ કેનાલ તેમજ મુખ્ય નહેરને તાત્કાલિક રીપેર કરવામાં આવે તેવી ખેડુતોની માંગણી છે.

## અમરેલી : કોમર્સ કોલેજમાં ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે.કે. પારેખ કોમર્સ કોલેજ-અમરેલીમાં ભાવનગર ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા Telecom Regulatory Authority Of India અનુદાનિત ટેલિકોમ્યુનિકેશન ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ આયોજિત થયો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત તજજ્ઞોનું શાબ્દિક સ્વાગત એન.એસ. એસ.પ્રોગ્રામ ઓફિસર પ્રા.જે.એમ.તળાવિયાએ કર્યુ હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રાગટયથી થઈ હતી. કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. એમ.એમ. પટેલે વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમની રૂપરેખા ડો.ધીરૂભાઈ ધંધુકિયાએ આપી હતી. ટ્રાઈ ના પ્રતિનિધિ દેવર્ષીભાઈ ઓઝાએ ટેલિકોમ્યુનિકેશન સેવાઓની વિસ્તૃત જાણકારી આપી હતી. આ તકે સુ. શશીકલાબેન ધંધુકિયા, સુ.જાનકીબેન પંડયા અને સુ.મીનાબેન ચોકસી ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને સંબોધન કર્યુ હતું અને વિદ્યાર્થીઓના પ્રશ્નોનું નિરાકરણ કર્યુ હતું. કાર્યક્રમને અંતે પ્રો. ડો.જે.ડી. સાવલિયાએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનું આયોજન અને સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રો. જે.એમ. તળાવિયા અને પ્રો. ડો.એ.બી. ગોરવાડિયાએ કર્યુ હતું. કાર્યક્રમના અંતે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી તેમ આઈકયુએસી કોઓર્ડિનેટર પ્રો. ભારતીબેન ફિણવિયાએ જણાવ્યું હતું.

## સરંભડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



સાવરકુંડલા, તા. ૨૩, સાવરકુંડલામાં બાળકોમાં સર્જનાત્મક શક્તિ પણ ગજબની હોય છે. જરૂર છે તેને યોગ્ય પ્લેટફોર્મ પૂરૂં પાડવાની.બાળકોની આ સર્જનાત્મક શક્તિને ઉજાગર કરવા માટે અને બાળકો પણ પર્યાવરણનું મહત્વ સુપેરે સમજે તેવા શુભ હેતુસર માટીનાં ગણપતિ બનાવવામાં આવ્યા માટીનાં ગણપતિ બનાવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત પણ કરવામાં આવ્યા.

## સાવરકુંડલાનાં આંબરડી સહિતનાં વિસ્તારોમાં મેઘાની મહેરબાની

**પિયત મગફળીને ખેડૂતોનાં મતે સારો એવો ફાયદો**



આંબરડી, ૨૩

અમરેલી જિલ્લામાં છેલ્લા પાંચ દિવસથી છૂટો છવાયો વરસાદ પડતાં કયાંક ખેતીપાકને જીવનદાન મળ્યું છે તો કયાંક ખેતીપાકને નુકશાની વર્તાઈ રહી છે. વરસાદની આ ચાલુ સીઝનમાં જુલાઈ માસમાં સતત વરસાદ પડતા જગતનો તાત ખેતીપાકના કામો આટોપી હળવાશમાં હતા. પરંતુ ઓગષ્ટ મહિનો આખો કોરો ધાકડ જતા ખેતીપાકને લઈ ખેડૂતો મુંઝાયા હતા, ખેતીપાકને જીવિત રાખવા પાણીની જરૂરિયાત વર્તતા ખેડૂતોએ સારા વરસાદના કારણે કૂવા, તળાવોમાં સંગ્રહિત પાણીથી ખેતીપાકને પાણ પાય મોલને જીવિત રાખ્યા હતા અંતે ધીમે ધીમે કૂવા, તળાવો, ચેકડેમોમાં પણ પાણીની ઘટ થવા લાગી જે ખરીફ પાકને લઈ ખેડૂતો માટે મોટી મૂંઝવણ ગણી શકાય, છેલ્લા પાંચેક દિવસથી અમરેલી જિલ્લામાં છૂટો છવાયો વરસાદ પડતાં ખેડૂતોમાં થોડા ઘણા અંશે રાહત મળી હતી.


સાવરકુંડલાના પંથકના આંબરડી સહિત આસપાસના વિસ્તારોમાં દોઢ માસ જેટલા લાંબા સમય બાદ આજે મેઘરાજાએ મુશળ ધાર વરસાદી મહેરબાની થતા ખેડૂતોમાં શિયાળુ પાકને લઈ પાણીની સમસ્યામાંથી રાહત મળી હતી.

નિષ્ણાંત ખેડૂતના મતે આજે પડેલા મુશળધાર વરસાદથી બિન પિયત કપાસને નુકશાની થઈ શકે, બિન પિયત મગફળીને ફાયદો તેમજ પિયત વાળા કપાસના ડોડવા ખરી જવાથી નુકશાની તો પિયત મગફળીને મોટો ફાયદો થઈ શકે એવું એક નિષ્ણાંત ખેડૂતે જણાવ્યું હતું.

### અસહ્ય બફારાબાદ વાતાવરણમાં ઠંડક પ્રસરી

## જાફરાબાદ પંથકમાં વીજળીનાં કડાકા ભડાકા સાથે વરસાદનું આગમન

**ભારે વરસાદથી માચ્છીમારોને નુકસાન**



જાફરાબાદ, તા. ૨૩

જાફરાબાદમાં આજે અસહ્ય બફારાબાદ વીજળીનાં કડાકા- ભડાકા સાથે વરસાદનું આગમન થયું હતું અને માચ્છીમારોને આર્થિક નુકશાન સહન કરવાનું થયું હતું. સુકી મચ્છી બુમલા સહિતને વરસાદનાં કારણે થાય છે. કરોડો રૂપિયાનું નુકશાન તો સરકાર સર્વે કરીને તેમની પણ નુકશાનીમાં ફુલની તો ફુલની પાધડીરૂપે સહાય કરે તેવી ખારવા સમાજનાં બોટ એસેશનનાં પ્રમુખ કનૈયાલાલ સોલંકી તેમજ કોળી સમાજ બોટ એસોશિયન પ્રમુખ હમીરભાઈ સોલંકી દ્વારા કરવામાં આવી હતી.

# અમરેલીમાં કોંગી કાર્યાલય ખાતે ભાજપને ભરી પીવાનો રણટંકાર થયો






અમરેલી જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે આજે જિલ્લા કોંગ્રેસની મહત્વની બેઠક એઆઈસીસીનાં ઓબ્ઝર્વર સંદીપજી પુર્વ ધારાસભ્ય પરેશભાઈ ધાનાણી વિરજીભાઈ ઠુંમર પ્રતાપભાઈ દુધાત, ઠાકરશીભાઈ મેતલિયા, તેમજ શંભુભાઈ દેસાઈ એટી સોસા જુદા જુદા સેલનાં આગેવાનો જિલ્લાભરમાંથી મુખ્ય કોંગ્રેસના તમામ આગેવાનો ઉપસ્થિત રહયા હતા. ૨૦૨૪માં લોકસભાની સીટ જીતીને વિકાસને પછાત બનાવનાર તત્વોને ઘરે બેસાડવાનો નિર્ધાર કર્યો હતો. સંદીપ જીએ દેશમાં જે પરિસ્થિતિ ચાલી રહી છે. તે કોંગ્રેસનાં કાર્યકર્તાઓને જણાવ્યું દેશને નબળો પાડનાર તત્વને હવે વિદાય કરવાનો સમય પાકી ગયો છે. તે બાબતે તમામ કોંગ્રેસે આગેવાનોને હાથ ઉંચા કરીને ભાજપને તીલાંજલિ આપવાનો નિર્ધાર કર્યો હતો.

## જુદા–જુદા નવ સ્થળોએ આવેલ મહાનુભાવોની પ્રતિમાને પુષ્પાહાર કરીને

# અમરેલીમાં ''મિશન બ્રોડગેજ''ની ગતિવિધિ આગળ વધી

**સહી ઝૂંબેશમાં શહેરીજનોએ ઉત્સાહભેર જોડાઈને બ્રોડગેજ રેલ્વેની સુવિધા માંગી**

**શહેરનાં પ્રતિષ્ઠિત ડોકટર, એડવોકેટ, સાહિત્યકાર, વેપારીઓ સહિત સૌ કોઈમાં માંગ બુલંદ બની**

**વર્ષો બાદ શહેરમાં કોઈ વિકાસકાર્યને લઈને શહેરીજનોમાં એકતાનો માહોલ ઉભો થયો**

**માત્ર ૩ કલાક ચાલેલી સહી ઝૂંબેશમાં સાડા ત્રણ હજાર કરતાં વધારે શહેરીજનો જોડાયા**



અમરેલી, તા. ૨૩

આજરોજ મિશન બ્રોડગેજ અમરેલી દ્વારા શહેરના જુદા–જુદા રાજમાર્ગો પર આવેલ નવ સ્થળોએ સંતો, મહાપુરૂષો અને ક્રાંતિકારી શહીદોની પ્રતિમાઓને પ્રતિષ્ઠિત અને સેવાભાવી સજ્જનો દ્વારા પુષ્પમાળા કરીને મિશન બ્રોડગેજ અમરેલી કમિટીના સભ્યો દ્વારા અમરેલીમાં બ્રોડગેજ લાવવા જનતાના ખુલ્લા સમર્થન માટે સહી ઝુંબેશનો પ્રારંભ કરેલ. જેમાં ખૂબ જ બહોળી સંખ્યામાં ડોકટરો, વેપારીઓ, વકીલો, એન્જિનિયરો, શિક્ષકો, મહિલાઓ તેમજ વિદ્યાર્થીઓ સહિત દરેક રાહદારીઓએ સહી ઝુંબેશમાં હોશે હોશે ભાગ લઈ અને હા અમારે બ્રોડગેજ જોઈએ છે લાવો કયાં સહી કરવી છે એમ કહીને દરેકે સહી કરી હતી તેમજ અશિક્ષિત લોકોએ પોતાનો અંગૂઠો મારીને પણ મિશન બ્રોડગેજ અમરેલીની ટીમને સમર્થન આપ્યું હતું. શહેરના સિનિયર ડોકટર દંપત્તિ ડો. બી.કે. મહેતા, ડો. રેખાબેન મહેતા તેમજ ડો. વિરલ ગોયાણી, ડો. મીનાબેન ગોયાણી અને ડો. રવિ કોલડીયા, ડો. વી.પી. રાવળ સહિતના પ્રબુદ્ધજનોએ પણ સહી કરી અને પોતાનું સમર્થન આપ્યું હતું. અને આ સહી ઝુંબેશ દ્વારા માત્ર ત્રણ જ કલાકમાં ૩૬૭૨ લોકોએ સહી કરી મિશન બ્રોડગેજ અમરેલીને સમર્થન આપ્યું હતું.

મિશન બ્રોડગેજ અમરેલી દ્વારા રાજકમલ ચોક ખાતે આવેલ ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી અને અમરેલીના પનોતા પુત્ર સ્વપ્ન દ્રષ્ટા ડો. જીવરાજ મહેતાની પ્રતિમાને જાણીતા

અનુસંધાન પાના ૬ ઉપર


**જોઈએ છે**

પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ / બહેનો આકર્ષક પગારથી જોઈએ છે

શ્રી કિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.

**હોમીયોપેથિક સારવાર**

ખરતા વાળ, ખોડો, અકાળે સફેદ વાળ, ખોટી ઉધરસ, અસ્થમા, એલર્જી, આધાશીશી, માઈગ્રેન, ચામડીના રોગો, ખરજવુ, સોરીયાસીસ, ખીલ, સાંધાનો દુઃખાવો, હરસ, મસા, ડીપ્રેશન, બેચેની જેવા તમામ રોગોની સંપૂર્ણ સારવાર મળશે.

ફોન ઉપર પણ સારવાર ઉપલબ્ધ : મો. ૯૧૦૯૮ ૨૫૪૧૩

ડૉ. પાયલ બોરાણિયા B.H.M.S.

નિયમિત મળશે : સોમ થી શનિ – સવારે ૧૦ થી ૧૨

ૐ કેન્ટર કિલનીક & હોમીયોપેથિક સેન્ટર
સાર્થી કોમ્પલેક્ષ, લીલીયા રોડ, અમરેલી. ફોન-૨૩૦૩૦૦, મો.૭૦૧૯૮ ૩૭૧૩૭

**ડૉ. વિવેક જોષી** M.B.D.P.M. FIPS.MIAPP

ન્યુરોસાઈકિયાટ્રિસ્ટ

મગજ • માનસીક રોગ • જાતીય નબળાઈ તથા વ્યસનમુકિતનાં નિષ્ણાંત

વ્હાઈટ હાઉસ, બીજો માળ, મોટા બસ સ્ટેન્ડ સામે, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪, ૯૯૦૯૯ ૪૧૩૧૦

કિલનીક સમય : સોમ થી શનિ – સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮

**ક્રિષ્ના ડાઈનીંગ હોલ**

Krishna DINING HALL

અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...

ફુલ ગુજરાતી થાળી

સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ

પાર્સલ સુવિધા ઉપલબ્ધ

અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧

: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૭૨

**ખુબ–ખુબ અભિનંદન સહ શુભકામનાઓ**

શ્રી દિલીપભાઈ સંઘાણી – ચેરમેનશ્રી : અ.જી.મ.સ.બેંક લી.
માન.શ્રી પરશોતમભાઈ રૂપાલા – કેન્દ્રીય મંત્રીશ્રી : ભારત સરકાર
શ્રી અશ્વિનભાઈ સાવલીયા – ચેરમેનશ્રી : અ.જી.સહ.દૂધ ઉત્પાદક સંઘ લી. ''અમર ડેરી''

અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકને વધુમાં વધુ સુદ્રઢ બનાવી ઉંચાઈનાં શીખરો પ્રાપ્ત કરાવતા રાષ્ટ્રીય સહકારી અગ્રણી, પથદર્શક એવા શ્રી દિલીપભાઈ સંઘાણી ની સતત નવમી વખત અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકનાં ચેરમેનપદે બિનહરિફ વરણી થતાં તેઓશ્રીને ખુબ ખુબ અભિનંદન સહ શુભકામનાઓ...

શુભેચ્છક
શ્રી જેઠસુરભાઈ કાથડભાઈ કોઠીવાળ
પ્રમુખ : સુખપુર સેવા સહકારી મંડળી લી.
ડિરેક્ટર : તાલુકા સહકારી સંઘ – બાબરા
પ્રમુખ : ક્રિષ્ના દુધ ઉત્પાદક મંડળી લી.–સુખપુર
મુ. સુખપુર, તા. બાબરા, જી. અમરેલી.

**આકર્ષક પગારથી તાત્કાલીક જોઈએ છે**

હોસ્પિટલ મેનેજર | હોસ્પિટલ એડમીન

લાયકાત : ગ્રેજ્યુએટ (ફકત પુરૂષ ઉમેદવારો)

RESUME સાથે નીચેના સરનામા પર રૂબરૂ સંપર્ક કરવો.
સમય : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ સાંજે : ૫:૦૦ થી ૮:૦૦

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ
ચિતલ રોડ, દત્ત મંદિર પાસે, અમરેલી. મો.નં. ૯૯૭૮૯ ૬૬૬૨૯, ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬

Since 1986
**બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.** (જંગરવાળા)

દુનિયામાં બધુજ કિંમતી હોય છે, મળ્યા પહેલા અને ગુમાવ્યા પછી.

લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

**LG** Life's Good.

India ka Celebration

Celebrate Festival with irresistible offers from LG.

FESTIVE EXCLUSIVE OFFERS

WIN LG DREAM HOME PACKAGE Every Day

GRAND PRIZE AUDI Q3

ADDITIONAL OFFERS

Up to 26%* Cashback | 1 EMI Free | 0* Down Payment

LG BEST SHOP
MUKUNDRAI AND BROTHERS
OPP. CAR CARE CENTER, CHAKAR GADH ROAD
AMRELI . 365601
Ph: 9408159606 / 9974772377

**ખુબ–ખુબ અભિનંદન સહ શુભકામનાઓ**

શ્રી દિલીપભાઈ સંઘાણી – ચેરમેનશ્રી : અ.જી.મ.સ.બેંક લી.
માન.શ્રી પરશોતમભાઈ રૂપાલા – કેન્દ્રીય મંત્રીશ્રી : ભારત સરકાર
શ્રી અશ્વિનભાઈ સાવલીયા – ચેરમેનશ્રી : અ.જી.સહ.દૂધ ઉત્પાદક સંઘ લી. ''અમર ડેરી''

અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકને વધુમાં વધુ સુદ્રઢ બનાવી ઉંચાઈનાં શીખરો પ્રાપ્ત કરાવતા રાષ્ટ્રીય સહકારી અગ્રણી, પથદર્શક એવા શ્રી દિલીપભાઈ સંઘાણી ની સતત નવમી વખત અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકનાં ચેરમેનપદે બિનહરિફ વરણી થતાં તેઓશ્રીને ખુબ ખુબ અભિનંદન સહ શુભકામનાઓ...

શુભેચ્છક
શ્રી અજીતભાઈ વાલજીભાઈ ખોખરીયા
પ્રમુખ : ખાખરીયા સેવા સહકારી મંડળી
ડિરેક્ટરશ્રી : બાબરા તાલુકા સહકારી સંઘ
મુ. અમરાપરા, તા. બાબરા, જી. અમરેલી.

**ડૉ. પિયુષ વી. ગોસાઈ**
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત

શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર

સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬

ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮ સોમવાર થી શનિવાર...

ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)